સુવિચાર
શિક્ષણ એટલે જીવનની જુદી જુદી વિષમ પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાની યોગ્યતા.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૯/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ ભાદરવા સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૨૮

ભાજપા પ્રમુખ રાજેશ માંગરોળીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા અને ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજિયાની જહેમતથી

અમરેલી જિલ્લા બેન્કનાં ચેરમેન પદે પુનઃ દિલીપ સંઘાણી બિનહરિફ

વાઈસ ચેરમેન પદે પુનઃ અરૂણભાઈ પટેલને જવાબદારી સોંપવામાં આવી

જિલ્લા ખરીદ–વેચાણ સંઘના ચેરમેનપદે જયંતિભાઈ પાનસુરીયાને પુનઃ જવાબદારી

જિલ્લા ખરીદ–વેચાણ સંઘનાં વાઈસ ચેરમેનપદે પુનઃ દીપક માલાણીને જવાબદારી

અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, સહકારી અગ્રણી પી.પી. સોજીત્રા સહિતનાં આગેવાનોએ અભિનંદન પાઠવ્યા

Amreli Jilla Madhyastha Sahakari Bank Ltd.

અમરેલી, તા. ૧૪

અમરેલી જીલ્લાની સહકારી સંસ્થાઓની એકતા અનેકતા અને પ્રવૃત્તિ સમગ્ર દેશનું રોલ મોડલ બની રહી છે. સહકારી સંસ્થાઓની પારદર્શક વ્યવસ્થા અને યોજનાઓ લાભકારી બની રહી છે. તેવા સમયે અમરેલી જીલ્લાની બે સહકારી સંસ્થાઓ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને અમરેલી જીલ્લા સહકારી ખરીદ–વેંચાણ સંઘના ચેરમેન–વાઈસ ચેરમેન તરીકેની અઢી વર્ષીય સંચાલન અવધી પૂર્ણ થતાં બન્ને સંસ્થાઓના ચેરમેન–વાઈસ ચેરમેન તરીકેની પ્રક્રિયા જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયાના નેતૃત્વમાં તેમજ ધારાસભ્ય–નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના માર્ગદર્શન તળે જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા ધ્વારા સુપેરે

અનુસંધાન પાના ૬ ઉપર

કોંગ્રેસ પક્ષ તરફથી દાવેદારી કરનારનો થયો ઘોર પરાજય

અમરેલી પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાં હોદ્દેદારોની વરણીમાં ભાજપનો વિજય

પ્રમુખ તરીકે બિપિન લીંબાણી અને ઉપપ્રમુખ તરીકે બિનાબેન કાલેણા

અમરેલી, તા. ૧૪

અમરેલી પાલિકાનાં આગામી અઢી વર્ષ માટેનાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક સહિતનાં હોદેદારોની ચૂંટણી આજે પાલિકાનાં સભાખંડમાં યોજાઈ હતી.

જેમાં પ્રમુખ તરીકે બિપિનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ તરીકે બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન તરીકે મનિષભાઈ ધોરાજિયા, દંડક તરીકે દિલુભાઈ વાળાની પસંદગી થઈ હતી.

જયારે વિપક્ષી નગર સેવિકા સેજલબેન સોલંકી સહિતનાં દાવેદારોનો ઘોર પરાજય થયો હતો. વિજેતા થયેલ શાસકોએ નાગનાથ મહાદેવનાં આશીર્વાદ મેળવ્યા હતા.

નારાયણનગર વિસ્તારની ઘટના

દામનગરમાં પતિ સાથે માથાકૂટ થતાં પત્નીએ આત્મહત્યા કરી લીધી

ગળાફાંસો ખાઈ લઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાનાં નારાયણનગર ગામે રહેતા સુમિતાબેન વિક્રમભાઈ ધરોળીયા નામની ૨૮ વર્ષિય પરિણીતાનાં પતિએ તેણી પાસે પૈસા માંગતા પતિ–પત્ની વચ્ચે ઝગડો થતાં પત્નીએ આવેશમાં આવી પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયું હતું.

હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન

શ્રી કમલેશભાઈ ગરણીયા
(પ્રમુખ : અમરેલી આહિર યુવા મંચ)
(ડિરેક્ટરશ્રી : અમરેલી નાગરીક સહકારી બેંક)

શ્રી પી.પી. સોજીત્રા
ડિરેક્ટરશ્રી
અમરેલી નાગરીક સહકારી બેંક

અમરેલી શહેરના આધુનિક વિચારશીલ, સહકારી ક્ષેત્રે સુસંગતતાની હરણફાળ ભરનાર એવા **શ્રી પી.પી. સોજીત્રા** તેમજ અમરેલી આહિર સમાજના યુવા અગ્રણી, સેવાભાવી, સાહસી **શ્રી કમલેશ ગરણીયા** આપ બંનેની અમરેલી નાગરીક સહકારી બેંકનાં ડિરેક્ટર તરીકે નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન સહ. આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છાઓ...

શુભેચ્છક
તુષારભાઈ દેવેન્દ્રભાઈ જોષી
અમરેલી

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે,
લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૪મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
સ્વ. ભાયાબાપુ વાજસુરબાપુ વાળા
માજી સરપંચ, ગામ : માલસીકા
સ્વ.તા. ૧૫/૯/૧૯૯૯

સિધ્ધાંત જેમનું જીવન હતું,
સંસ્કાર જેમનું સિંચન હતું,
પરિવાર જેમનું મંદિર હતું,
સ્નેહ જેમની શક્તિ હતી,
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેમની ભક્તિ હતી.
એવા પુણ્યઆત્માને
૨૪મી વાર્ષિક પુણ્યતિથિએ
અમારા કોટિ કોટિ પ્રણામ...

મંગળુભાઇ ભાયાભાઇ વાળા
(સરપંચ : ગ્રામ પંચાયત – માલસીકા)
પ્રતાપભાઇ ભાયાભાઈ વાળા
(માજી સરપંચ : ગ્રામ પંચાયત માલસીકા)
(પ્રમુખશ્રી : માલસીકા સેવા સહકારી મંડળી)
ભુપતભાઇ ભાયાભાઇ વાળા
(પૂર્વ ઉપપ્રમુખ : અમરેલી જિલ્લા પંચાયત)
(સરપંચ : પ્રતિનિધી ધારી ગ્રામ પંચાયત)
મુ. માલસીકા, તા. ધારી, જિ. અમરેલી.

પ્રમુખપદે મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પદે પ્રતિક નાકરાણીને જવાબદારી

સાવરકુંડલા પાલિકાનાં આગામી અઢી વર્ષ માટેનાં શાસકોની પસંદગી

સાંસદ અને ધારાસભ્યની કુનેહ નીતિનાં કારણે દરેક સમાજને મહત્વ આપવામાં આવ્યું

કારોબારી સમિતિનાં અશોક ચૌહાણ, દંડક તરીકે અજયભાઈ ખુમાણને જવાબદારી સોંપવામાં આવી

નવનિયુકત શાસકોએ સાવરકુંડલાને સુવર્ણનગરી બનાવવાની ખાત્રી આપી

નવનિયુકત શાસકોને ભાજપનાં આગેવાનોએ શુભકામનાઓ પાઠવી

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા નગરપાલિકામાં ભાજપના ચક્રવ્યૂહ અને રાજકીય કુનેહને કારણે સ્પષ્ટ બહુમતી ધરાવતી સાવરકુંડલા પાલિકામાં સાંસદ અને ધારાસભ્યની દિર્ઘદ્રષ્ટિ સાથે ભાજપ ટીમની કાબિલેદાદ વ્યૂહરચના સામે કોંગ્રેસે વોક આઉટ કરીને ઉમેદવારી કરવામાં પણ પાછી પાની કરવાની ઘટના ઉડીને આંખે વળગે તેવી ભાજપે સાબિત કરી બતાવી અને દરેક સમાજના વ્યકિતઓને સમાન અધિકાર સાથે હોદ્દો મળે તેવી ભાજપની રણનીતિ સફળ સાબિત થઈ અને મેહુલ ત્રિવેદીને પાલિકાના નવા પ્રમુખ પદે પ્રાંત કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં જાહેર કરીને બ્રહ્મ સમાજ, પાટીદાર સમાજ, બ્રહ્મ ક્ષત્રિય કુંભાર સમાજ, ભરવાડ સમાજ અને કાઠી ક્ષત્રિય સમાજના યુવાનોને તક આપીને નવું નેતૃત્વ સાવરકુંડલા શહેરને સુવર્ણ કુંડલા બનાવે તેવા ધ્યેય સાથે આજથી સત્તા રૂઢ જાહેર કરવામાં આવ્યા હતા.

આજે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક અને પક્ષના નેતાઓના નામો પર ભાજપના તમામ સદસ્યોએ વિશ્વાસ સાથે સહમત થઈને એકી સાથે આંગળીઓ અધ્ધર કરીને વિશ્વાસ સાબિત કર્યો હતો. ત્યારે ગઈકાલે સાવરકુંડલા તાલુકા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં ભાજપની સ્પષ્ટ બહુમતી હોવા છતાં પણ કોંગ્રેસે પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીમાં ઉમેદવારી કરી હતી ને ઘોર પરાજયનો સ્વાદ ચાખ્યો હતો. તો આજે પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ઉમેદવારી કરવાની પણ પીછેહટ્ઠ કરીને વોક આઉટ કરવું પડયું હતું ને કુલ ૩૬ સદસ્યોની સંખ્યામાં એક ડી.કે. પટેલ ગેરહાજર રહ્યા હતા તો પાલિકાના સ્વ. જયસુખ નાકરાણીનાં દુઃખદ નિધનને કારણે ૩૪ સભ્ય સંખ્યા વચ્ચે કોંગ્રેસના ૫ સદસ્યોના વોક આઉટથી ભાજપના ૨૯ સદસ્યોએ પાલિકાના પ્રમુખ પદે મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પદે પ્રતિક નાકરાણી, કારોબારી ચેરમેન પદે અશોક ચૌહાણ, દંડક તરીકે અજયભાઈ ખુમાણ અને પક્ષના નેતા તરીકે જનકબેન આલની વરણી કરવામાં આવેલ હતી. સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની કુનેહભરી ચાણકય નીતિ અને પક્ષના સભ્યોને અકબંધ રાખવાની અને દરેક સમાજને પ્રાધાન્ય આપવાની રાજનીતિના ફળ સ્વરૂપે સાવરકુંડલા શહેરને વિકાસની રાજનીતિમાં આગળ લઈ જવા યુવાનોને તક આપી આજે પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો ને નવા વારાયેલા સતાધીશોને ઢોલીઓના તાલે સાવરકુંડલા પાલિકાની ધારાસભ્યના અટલધારા કાર્યાલય સુધી વિજય સરઘસના રૂપમાં નીકળ્યા હતા ને નવા સત્તારૂઢ સતાધીશોને ફૂલડે શહેરીજનોએ વધાવ્યા હતા.

પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલની માંગ

રાજયનાં યુવાનોનું આર્થિક શોષણ કરતી 'જ્ઞાન સહાયક' યોજના 'તાત્કાલિક' રદ કરો

સરકારી તમામ શાળાઓમાં કાયમી નિમણુંક કરો

અમરેલી, તા. ૧૪

ગુજરાતનાં યુવાનોનું આર્થિક શોષણ કરતી ગેરબંધારણીય–ગેરકાયદેસર કરાર આધારિત, 'જ્ઞાન સહાયક યોજના' રદ કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ચાણકયએ કહ્યું હતું કે, ઉત્તમ શિક્ષણ વગર ઉત્તમ રાષ્ટ્ર સંભવ નથી ત્યારે રાજયનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા/યોજના જાહેર કરીને શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક થઈ રહી છે. ગુજરાતની રાજયની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં સત્વરે કાયમી શિક્ષકોની નિમણુંક કરવામાં આવે અને ગેરબંધારણીય–ગેરકાયદેસર કરાર આધારિત, ગુજરાતનાં યુવાનોનું આર્થિક શોષણ કરતી 'જ્ઞાન સહાયક યોજના' રદ કરવામાં આવે. રાજયની ભાજપ સરકાર ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાનાં નામે મર્જ/બંધ કરવાનું પાપ કરી રહી છે. ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સયમની જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ગુજરાતનાં ૩૩ જિલ્લાની ૧૬૫૭ સરકારી શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણનાં વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ? રાજયમાં ૩૨૦૦૦ કરતાં વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. બીજી તરફ, ટેટ–ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ હજાર જેટલા ગુજરાતનાં યુવાન–યુવતીઓ કાયમી ભરતીનાં સ્વપ્ન જોઈ રહ્યાં છે. પણ સરકારે કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવું કેટલા અંશે વ્યાજબી ? તાજેતરમાં રાજયનાં ઉચ્ચ સનદી અધિકારીએ શિક્ષણની સ્થિતિ અંગે ગંભીર પરિસ્થિતિ સરકારને ધ્યાને મુકી હતી. ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીનાં કારણે ગરીબ, સામાન્ય, મધ્ય વર્ગનાં વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતાં હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. જે ઘણી જ ગંભીર બાબત છે. કચ્છ, અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, તાપી, મહિસાગર અને દેવભૂમિ દ્વારકા મોખરે છે. પૂર્વ પટ્ટી, આદિવાસી વિસ્તારમાં ૩૫૩ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ત્યારે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાનાં વ્યાપક હિત માટે જ્ઞાન સહાયક યોજના તાત્કાલિક રદ કરીને કાયમી શિક્ષકોની ભરતી કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે રાજયનાં મુખ્યમંત્રી–શિક્ષણમંત્રીને પત્ર લખી માંગ કરી છે.

પત્રકાર દ્વારા પૂંછાયેલા પ્રશ્નનાં જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભાજપનાં રાજમાં સરમુખત્યારશાહી એટલી વધી છે કે, હવે ભાજપ પોતાના જ કાર્યકર્તાઓ– આગેવાનો–ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોલીસ તંત્રનો દુરૂપયોગ કરી મતદાન કરતાં રોકી રહી છે. શિહોર, બગસરા સહિત ઘણી જગ્યાએ નગરપાલિકા–તાલુકા પંચાયત ચૂંટણીમાં ભાજપનાં ચૂંટાયેલા સભ્યોનો અંતરાત્મા જાગ્યો અને તેમણે ભાજપ વિરૂધ્ધ મતદાન કરવાનું નક્કી કર્યુ. ત્યારથી જ ભાજપે ચૂંટાયેલા પ્રતિનિધિઓને નિતનવા હતકડા અપનાવીને મતદાન કરતા રોકી લોકશાહીનું હનન કર્યું હતું. સરમુખત્યારશાહી સામેનાં અંતરઆત્માનાં અવાજને રાવણ પણ રોકી શકયો ન હતો તો ભાજપ કયાંથી રોકી શકશે.

પત્રકાર દ્વારા પૂંછાયેલા પ્રશ્નનાં જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોઈપણ ચૂંટાયેલ સભ્ય પક્ષની શિસ્તમાં ન રહે, પક્ષ વિરૂધ્ધ મતદાન કરે તો તેનાં માટે ચોક્કસ કાયદાકીય જોગવાઈઓ છે તે અંતર્ગત પગલા લેવામાં આવશે. કયાંય પણ પક્ષ વિરૂધ્ધની ઈરાદાપૂર્વકની કામગીરી હશે તો ચોક્કસ પગલા લેવામાં આવશે. પરંતુ જો કોઈ વ્યકિત ખુલાશો કરશે અને આગામી દિવસોમાં પક્ષની શિસ્તને વળગીને રહેશે તો તેમનાં માટે પુનઃ વિચારણા કરવામાં આવશે.

સાત જેટલી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ૧૨ જેટલી કૃતિઓ રજૂ

બાબરામાં કન્યાશાળા ખાતે સી.આર.સી. કક્ષાનો ગણિત/વિજ્ઞાન પ્રદર્શન મેળો યોજાયો

તમામ શાળાનાં વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાં કન્યાશાળા ખાતે સી.આર.સી. કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદશન મેળો સી.આર.સી. શિવરાજભાઈ ખાચરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં સી.આર.સી.કક્ષા હેઠળ આવતી સાત જેટલી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વાસ્થ્ય, પર્યાવરણ, કૃષિ, વાહન વ્યવહાર સહિત કુલ ૧૨ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. તમામ શાળાનાં વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સી.આર.સી. શિવરાજભાઈ ખાચર, કન્યાશાળાનાં આચાર્ય અમિતભાઈ દસલાણીયા, તાલુકા કુમાર શાળાનાં આચાર્ય દક્ષાબેન સરવાળીયા તેમજ ભાર્ગવભાઈ ત્રિવેદી સહિતનાં શિક્ષક સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખ ભરતભાઈ પીઢડીયાનાં માતૃશ્રીનું અવસાન

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાનાં ચમારડી ગામે રહેતા અને જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખ અને બાબરા તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ ભરતભાઈ પીઢડિયાનાં માતૃશ્રી તેમજ ચમારડીનાં પૂર્વ સરપંચ વાઘજીભાઈ પીઢડિયાનાં ધર્મપત્ની રંભાબેન વાઘજીભાઈ પીઢડિયાનું તા. ૧૩/૯/૨૩ નાં રોજ દુઃખદ અવસાન થતાં ચમારડી ગામ સહિત સમગ્ર તાલુકામાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

ચમારડી ગામ સહિત તાલુકાનાં અને જિલ્લાનાં અગ્રણીઓ મોટી સંખ્યામાં સદ્ગતની અંતિમયાત્રામાં જોડાયા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પરિવારને સાંત્વના પાઠવી હતી. સ્વ. રંભાબેન વાઘજીભાઈ પીઢડિયા નું બેસણું ચમારડી મુકામે લાતી પ્લોટ વિસ્તારમાં તેમનાં નિવાસસ્થાને દિવસ દરમિયાન રાખેલ છે.

વડિયા : આયુષ્યમાન ભવ કાર્યક્રમ યોજાયો

વડિયા, તા. ૧૪

વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે રાષ્ટ્રપતિ દ્વારા આયુષ્યમાન ભવઃ કાર્યકમ લોન્ચ કરવામાં આવેલ. જેમાં આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ હેઠળ તમામ મુદ્દાઓનું સચોટ અમલીકરણ થાય તે માટે ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા અનુસાર આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓ સુધી તમામ આરોગ્ય યોજનાઓને અવગત કરવા તેમજ યોજનાનો ૧૦૦ ટકા લાભ લોકો સુધી પહોચાડવા માટે લોન્ચ થનાર કાર્યકમમાં કેન્દ્ર ખાતેથી ભવ્ય અને સુંદર ઓયજનઅધિક્ષક ડો.એમ.સી. ગજેરા, ડો. ભાર્ગવ વ્યાસ, ડો. પ્રતિક ડોડીયા, ડો. પ્રતાપ જાંબુચાનાં નેજા હેઠળ તેમજ તેમની રૂબરૂ હાજરીમાં વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડિયા લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ કેશુભાઈ ઉંઘાડ અમરેલી જિલ્લા યુવા ભાજપ કારોબારી તુષારભાઈ વેગડ, ચેતનભાઈ દાફડા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સી.એચ.સી સ્ટાફ હાજર રહેલ અને વડિયા ગ્રામ પંચાયત કચેરી તેમજ આંગણવાડી વર્કર બહેનો,આશા વર્કર બહેનો, ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય કર્મચારીઓ અને અન્ય ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યકમને નિહાળવામાં આવેલ હતો. તેમજ આ કાર્યકમનું સંપુર્ણ સંચાલન જયેશભાઈ સાવલિયા, એકાઉન્ટન્ટ આસી. તથા દિવ્યેશભાઈ વિપુલભાઈ ધોરાજીયા દ્વારા કરવામાં આવેલ હતું.

અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાષ્ટ્રીય હિન્દી દિવસ ઉજવાયો

અમરેલી, તા. ૧૪

રાષ્ટ્રીયતા અને દેશભકિત માટે સુપ્રસિધ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૧૪ સપ્ટેમ્બરનાં રોજ હિંદી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભાષાએ રાષ્ટ્રીય એકતાનું મહત્વનું પરિબળ છે. રોજીંદા જીવનમાં હિન્દીનો ઉપયોગ અને આદર વધે તે હેતુથી શાળાનાં પ્રાર્થના સભામાં હિન્દી વિશે બાળકોને વકતવ્યો આપવા કહેવાયું હતું અને બાળકોએ ખુબ જ સરસ રીતે હિન્દીમાં વકતવ્યો આપ્યા અને સુલેખન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને બધા વિદ્યાર્થીઓએ તેમાં હોંશભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દિપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ રાષ્ટ્રીય હિંદી દિવસનાં મહત્વ વિશે પ્રસંગોચિત વાર્તાલા કર્યો હતો. રાષ્ટ્ર ભાષાનાં ગૌરવ અને મહત્વને સમજી આજે આખા દિવસનું શૈક્ષણિક કાર્ય તથા વાતચીત પણ હિન્દીમાં કરવા સૌ શિક્ષકગણ તથા કર્મચારીઓએ સુંદર સહયોગ આપ્યો હતો.

ખાંભાનાં પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલની જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે બદલી

ખાંભા, તા. ૧૪

ખાંભા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલની જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે બદલી થતા વિદાય સમારંભ યોજાયો. અમરેલી જિલ્લાના હિમકર સિંહ દ્વારા જિલ્લામાં પી.એસ.આઈ.ની અરસપરસ બદલી કરવામાં આવી હતી. જેમાં ખાંભાનાં પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલની જાફરાબાદ મરીન ખાતે બદલી થતા ખાંભા પોલીસ સ્ટાફ અને ગામજનો દ્વારા પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલનો ભવ્ય વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. અને પોલીસ સ્ટાફ દ્વારા ફૂલનો વરસાદ કરી વિદાય આપવામાં આવી હતી તેમજ ખાંભા પોલીસ સ્ટેશનનાં નવા પી.એસ.આઈ કે.ડી. હડીયાને આવકારવામાં આવ્યાં હતાં.

વિપક્ષ કોંગ્રેસ તરફથી કોઈ દાવેદારી રજૂ કરવામાં ન આવી

બગસરા પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાં હોદ્દેદારોની બિનહરિફ વરણી

ભાજપનાં ૨૦ પૈકી ૧૭ નગરસેવકોએ હાજરી આપી પક્ષની સુચના મુજબ મતદાન કર્યુ

પ્રમુખ પદે જયોત્સનાબેન રીબડીયા અને ઉપપ્રમુખ પદે ભાવનાબેન સોનગરાની વરણી કરાઈ

કારોબારી ચેરમેન તરીકે મંજુલાબેન મેર, દંડક તરીકે હંસાબેન વેકરીયાને જવાબદારી મળી

સાંસદ સહિતનાં ભાજપનાં આગેવાનોએ નવનિયુકત શાસકોને શુભેચ્છા પાઠવી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરામાં બે દિવસથી રસાકસી ભરેલી પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી આજે શાંતિપૂર્વક યોજાઈ ગઈ હતી. ભાજપના ૨૦ પૈકી ૧૭ સભ્યોએ હાજર રહી પક્ષની તરફેણમાં મતદાન કરતા મોવડી મંડળે હાશકારો લીધો હતો. કોંગ્રેસ દ્વારા સમય પારખી ઉમેદવારી નોંધાવવામાં ન આવતા ચૂંટણી બિનહરીફ થઈ હતી.

વિગત અનુસાર બગસરા નગરપાલિકાની આજે યોજાયેલ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી છેલ્લા બે દિવસથી ભારે રસાકસી પૂર્ણ બની હતી. ભાજપના પાંચ સભ્યો અલગથી ભૂગર્ભમાં ઉતરી ગયાના એવા લોબાગ કોંગ્રેસ દ્વારા પાલિકા કબ્જે કરવા પૂરતા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. પરંતુ ગઈકાલ રાત્રે મેંદરડા પોલીસ દ્વારા ભાજપના બે દિલીપ ઘાડીયા, ભુપત પાથર અને કોંગ્રેસના એક વિઠ્ઠલ લાખાણીને પીધેલી હાલતમાં ઝડપી લીધા બાદ સમગ્ર પ્રકરણમાં નવો વળાંક આવ્યો હતો. ટાઉન હોલ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં ભાજપના જયોત્સનાબેન રીબડીયા પ્રમુખ પદ માટે તથા ભાવનાબેન સોનગરા ઉપપ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હતી. કોંગ્રેસ દ્વારા સમય સૂચકતા વાપરી કોઈપણ દાવેદાર ઉભા રાખવામાં ન આવતા ચૂંટણી બિનહરીફ થઈ હતી. જેમાં કારોબારી ચેરમેન મંજુલાબેન મેર, દંડક તરીકે હંસાબેન જયંતીભાઈ વેકરીયા તથા પક્ષના નેતા કમલેશભાઈ જોશીનું નામ જાહેર કરેલ છે. વિજેતા ઉમેદવારોએ સામસામા મોં મીઠા કરી હાશકારો લીધો હતો. આ તકે સાંસદ નારણભાઈ કાછડીયા તથા ભૂપેન્દ્રભાઈ બસીયા, રનિભાઈ ડોડીયા, રાજુભાઈગીડા, ધીરૂભાઈ કોટડીયા, અશોકભાઈ પંડયા, પ્રદીપભાઈ ભાખર, મનોજભાઈ મહિડા સહિતના ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ બોર્ડ સંખ્યામાં જોડાયા હતા અને નિમાયેલ હોદ્દેદારોને મોં મીઠા કરાવ્યા હતા.

થોડા મહિના પહેલા ગ્રાહકો મુશ્કેલીમાં અને હવે ખેડૂતો

સા.કુંડલાની શાકમાર્કેટમાં એક સમયે ૨૦૦ રૂપિયામાં વેંચાતા ટમેટા હવે માત્ર રૂપિયા ૨૦ માં મળે

ગ્રાહકો અને ખેડૂતો બન્નેને લાભ મળે તેવી વ્યવસ્થાનો અભાવ

સાવરકુંડલા, તા. ૧૪

એક સમયે ૨૦૦ રૂપયે વેંચાતા ટમેટા હાંડહાંડ થયા સાવરકુંડલાની શાકમાર્કેટમાં આજે છુટક ૨૦ રૂપિયે કિલો વેચાણ થતાં જોવા મળ્યાં. હવે પ્રશ્ન એ થાય છે કે ખરેખર ટમેટાના વાસ્તવિક ભાવ જો એક દશાંશ જેટલાં હોય તો લોકોને પણ ૨૦૦ રૂપિયે વેચાયેલ ટમેટાનાં ભાવ ખટકે તો ખરાં..!!

માંગ અને પુરવઠાની આવી સ્થિતિ નિર્માણ થાય ત્યારે સરકારે જ અગમચેતીના પગલાં ભરવા જોઈએ. ૨૦૦ રૂપિયે વેંચાણ અર્થે મૂકાયેલ એ સમયે ટમેટામાં રળ્યું કોણ ? એ વાત પણ નોંધપાત્ર છે. હાલ છુટક ૨૦ રૂપિયે કિલો ટમેટા હોય જથ્થાબંધ ભાવ તો એનાથી પણ નીંચા હોય એ સ્વાભાવિક છે. આમાં ટામેટાં ઉત્પાદક ખેડૂતોને શું મળે? એ પ્રશ્ન પણ મંથન માગી લે તેવો છે. કૃષિ પ્રધાન દેશમાં દેશનાં ખેડૂતોને જયાં સુધી પોષણક્ષમ ભાવો ન મળે દેશનો આર્થિક વિકાસ એ વાસ્તવિક કેમ ગણવો? એ પણ યક્ષપ્રશ્ન છે.!! માત્ર ટમેટા જ નહીં પરંતુ મોટાભાગનાં શાકભાજીનાં ભાવ હાલ તો ખૂબ નીચા જોવા મળે છે. ખેડૂતો માટે પણ પૂરતાં પ્રમાણમાં કોલ્ડ સ્ટોરેજ, ડ્રાય પ્રોસેસિંગ અને પ્રિઝર્વેશનની યોગ્ય વ્યવસ્થા હોય તો જે શાકભાજી પાણીના ભાવે વેંચવા મજબૂર બને છે. એના ભાવ તો પોષણક્ષમ મળે. જયાં સુધી ખેત પેદાશનાં પોષણક્ષમ ભાવ સીધા જ ખેડૂતોને ન પ્રાપ્ત થાય ત્યાં સુધી આપણું કૃષિલક્ષી અર્થતંત્ર મજબૂત બને ખરું ? એવો અણિયાળો સવાલ આપ વાંચકોના મનોમંથન માટે...

સા.કુંડલા : કન્યાઓને હિમોગ્લોબીન અને ફોલિક એસિડની ગોળીઓ અપાઈ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક કન્યા શાળા નંબર બે હેલ્થ ઓફિસર ઋત્વિકભાઈ તથા ગૌસ્વામી મેડમ દ્વારા દરેક કન્યાઓને હિમોગ્લોબીન અને ફોલિક એસિડની ગોળીઓ આપવામાં આવી.

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ શ્રી બ્રાન્ચ શાળા નંબર બે કન્યા શાળામાં આજરોજ હેલ્થ ઓફિસર ઋત્વિકભાઈ અને ગૌસ્વામી મેડમ દ્વારા દરેક કન્યાઓને હિમોગ્લોબિન અને ફોલિક એસિડની ગોળી દર ગુરૂવારે લેવાની તે આપેલ હતી અને બાળકોમાં વિશ્વાસ બેસે તે માટે આચાર્ય ભારતીબેન તેમજ શિક્ષક ગીતાબેન દ્વારા આ ગોળી લેવામાં આવેલ અને બાળકોને આપવામાં આવેલ છે.

અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા ધાર્મિક વાર્તાલાપ યોજવામાં આવ્યો

અમરેલી, તા. ૧૪

સિનિયર સિટીઝન સોસાયટી છેલ્લા ૧૮ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે.

સિનિયર સિટીઝન સોસાયટી અમરેલી દ્વારા પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોય, આ માસમાં ભજન અને ધાર્મિક પ્રવચનનું આયોજન કરવામાં આવેલું હતું.

સમૂહ પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરવામાં આવી અને રવજીભાઈ કાચાએ સૌ વડિલોને આવકાર આપ્યો. ત્યારબાદ પુષ્પાબેનની સ્તુતિ તથા શારદાબેન, મંગળાબેન, ઉષાબેન, વિજયાબેન દ્વારા ભકિતગીતથી રજૂ કરી સ્વ. મોહિતભાઈને શ્રધ્ધાંજલી આપવામાં આવી. ધર્મ અને શિક્ષણ અંગેનાં વિષય ઉપર વાર્તાલાપ યોજાયો. જેમાં ટોમભાઈ, જેરામભાઈ, મનુભાઈ, માનેબહેન, ભારતીબેન તથા આ સભામાં પધારેલ ડી.ડી.ઓ.નાં પી.એ. ચૌધરીએ ભાગ લીધો. જેમાં ધર્મ અને શિક્ષણનો સમન્વયથી જ જીવનમાં શિક્ષણ સાર્થક બને છે. તે બાબતે વાર્તાલાપ થયો.

આ મીટીંગનાં ભોજનનાં સ્પોન્સર ઈલાબેન અશોકભાઈ જોષીનું અભિવાદન કરવામાં આવ્યું તેમજ પૂર્વ પ્રમુખ સ્વ. ચંદ્રકાંતભાઈનાં જન્મદિન પ્રસંગે તેમનાં પરિવાર તરફથી આઈસ્ક્રીમ ખવડાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન કાચાભાઈ તથા આભારવિધિ ટોમભાઈ, જેરામભાઈએ કરી હતી તથા આ કાર્યક્રમ રાષ્ટ્રગીતથી પૂર્ણ કરવામાં આવ્યો હતો. તેમ કનુભાઈ જોષીની યાદીમાં જણાવાયું છે.

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના
પંચાગ
આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧૭૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
BIG XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
Honda Shield 3+3 years warranty
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ તૂટી

લોકસભાની ચૂંટણી લડનારા પ્રશાંત પટેલે રાજીનામું આપતા ખળભળાટ મચી

પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાવાના છે

વડોદરા, તા.૧૪

લોકસભાની ચૂંટણી પહેલાં વડોદરા કોંગ્રેસ ફરી એકવાર તુટી હોવાના સમાચાર મળ્યા છે. લોકસભાની ચૂંટણી લડનારા પ્રશાંત પટેલે રાજીનામું આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમની સાથે ૫૦૦થી વધુ કાર્યકરો સાથે ૧૭ સપ્ટેમ્બરે ભાજપનો ભગવો ધારણ કરશે. પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાશે. કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાશે, કોંગ્રેસના અનેક કાર્યકરો હોદ્દેદારો પણ ભાજપમાં જોડાશે. કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકરોએ પણ રાજીનામા આપ્યા છે. પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાવાના છે. તો કોંગ્રેસના અનેક કાર્યકરો હોદ્દેદારો પણ ભાજપમાં જોડાશે.

પ્રશાંત પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, મેં કોંગ્રેસના તમામ સભ્ય પદ સહિત પ્રાથમિક સભ્યપદથી રાજીનામું આપી દીધું છે. પીએમ મોદીના વિકાસના કામ અને હિન્દુત્વના એજન્ડાથી પ્રેરિત થઈ તેઓ ભાજપમાં જોડાશે. મારા કોંગ્રેસના નેતાઓ સાથે પણ જૂના સંબંધો છે. કોંગ્રેસથી કોઈ નારાજગી નથી, પણ હિન્દુત્વના સાગરમાં હું જોડાવવા માગુ છું. કોંગ્રેસ સનાતન ધર્મના વિરૂદ્ધમાં બોલે છે જે ક્યારેય સહન ન થાય. હું છેલ્લા એક વર્ષથી નિષ્ક્રિય હતો, કોંગ્રેસમાં રહેવું કે નહીં તે દુવિધામાં હતો. હવે ૧૭ મી સપ્ટેમ્બરે ૫૦૦ લોકો સાથે ભાજપમાં જોડાઈશ. મારી સાથે જેને ભાજપમાં જોડાવું હોય તે જોડાઈ શકે છે. ભાજપમાં હું એક કાર્યકર તરીકે, જવાબદાર નાગરિક તરીકે જોડાવવું છે. એટલે હું જોડાઈ રહ્યો છું. હું કોઈ ચૂંટણી લડવાનો નથી.' પ્રશાંત પટેલ ૧૯૯૭માં એમ. એસ. યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનના પ્રેસિડેન્ટ રહી ચુક્યા છે. વર્ષ ૨૦૧૫માં પ્રશાંત પટેલને વડોદરા કોંગ્રેસના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. તે સમયે પ્રશાંત પટેલ વડોદરામાં કોંગ્રેસના ઈતિહાસના સૌથી યુવા પ્રમુખ બન્યા હતા. જ્યારે પ્રશાંત પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા એ પહેલા ૬ મહિનામાં ચાર પ્રમુખ બદલાઈ ચુક્યા હતા. જે પછી પ્રશાંત પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. જે પછી પ્રશાંત પટેલ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો હતો.

અદાણી જૂથ સામે તાજેતરમાં નવા આરોપો છતાં શેરોમાં ખરીદી ચાલુ છે

અદાણીની 3 કંપનીઓમાં એક મહિનામાં ૭૦૦ કરોડના શેર ખરીદાયા

અદાણી એનર્જીમાં પણ ઓગસ્ટ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૨૨ લાખ શેર ધરાવતા હતા જ્યારે એક મહિના અગાઉ તેમાં ૧૬ લાખ શેર હતા

નવી દિલ્હી, તા.૧૪

અદાણી જૂથ ચાલુ વર્ષમાં અનેક ઉથલપાથલમાંથી પસાર થયું છે છતાં તેના શેરોમાં મોટા રોકાણકારો અને મ્યુચ્યુઅલ ફંડ્સની ખરીદી જારી છે. હિન્ડનબર્ગ રિસર્ચના અહેવાલ પછી અદાણી જૂથના શેરોમાં ૭૦થી ૮૦ ટકા જેટલો કડાકો આવ્યો હતો. ત્યાર બાદ આ ગ્રૂપ નેગેટિવ અહેવાલો વચ્ચે પણ સ્થિર થયું છે. અદાણી જૂથ સામે તાજેતરમાં નવા આરોપો થયા હતા છતાં તેના શેરોમાં ખરીદી ચાલુ છે. ઓગસ્ટ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા અદાણી જૂથની ત્રણ કંપનીઓમાં ૭૦૦ કરોડથી વધારે કિંમતના શેર ખરીદવામાં આવ્યા છે. તાજેતરમાં સમાપ્ત થયેલા ઓગસ્ટ મહિનામાં અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પાવર અને અદાણી એનર્જીના શેરમાં મ્યુચ્યુઅલ ફંડે ભારે ખરીદી કરી હતી. ગયા મહિને મ્યુ. ફંડ્સે જે લાર્જ કેપ શેરોની ખરીદી કરી તેમાં આ ત્રણ ટોપ પર હતા. લેટેસ્ટ આંકડા પ્રમાણે ઓગસ્ટ મહિનામાં અદાણી પાવરમાં મ્યુચ્યુઅલ ફંડ્સનું હોલ્ડિંગ ૬૧ લાખ શેરનું હતું. તેની સાથે જુલાઈ મહિનામાં ૧૭ લાખ શેર ખરીદવામાં આવ્યા હતા. વેલ્યૂની રીતે જોવામાં આવે તો ૧૯૪ કરોડ રૂપિયાના **Adani Power**ના શેરની ખરીદી થઈ હતી જે જુલાઈ મહિનામાં ૪૬ કરોડની હતી. અદાણી એનર્જીમાં પણ ઓગસ્ટ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૨૨ લાખ શેર ધરાવતા હતા જ્યારે એક મહિના અગાઉ તેમાં ૧૬ લાખ શેર હતા. વેલ્યૂની રીતે જોતા મ્યુ. ફંડ્સ પાસે **Adani Energy**ના શેરોની વેલ્યૂ ૧૨૭ કરોડથી વધીને ૧૭૮ કરોડ થઈ છે. નિપ્પોન **AMC**એ અદાણી એન્ટરપ્રાઈઝિસમાં પોતાનું હોલ્ડિંગ ઘટાડ્યું છે. ઓગસ્ટ મહિનામાં નિપ્પોન પાસે ૧૨ લાખ શેર હતા જ્યારે જુલાઈમાં આ કંપનીમાં ૬ લાખ શેર હતા. ક્વેન્ટ મ્યુચ્યુઅલ ફંડે અદાણી એન્ટરપ્રાઈઝિસના ૩૪૪ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સ જ નહીં, ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપની **GQG** પાર્ટનર્સે પણ ગયા મહિને અદાણી પાવરમાં વધુ ૮ ટકા હિસ્સો ખરીદ્યો હતો. આ શેર ૧.૧ અબજ ડોલરની ડીલમાં ખરીદવામાં આવ્યો હતો. **GQG Partners** દ્વારા અદાણી પોર્ટ્સ અને સેઝમાં પણ ઓગસ્ટ મહિનામાં ૨૨ લાખ શેર ખરીદવામાં આવ્યા હતા. તેમાં તેનો સ્ટેક હવે વધીને ૫ ટકા થઈ ગયો છે. ડેલોઈટે અદાણી પોર્ટના સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે રાજીનામુ આપ્યું હોવા હતા **GQG** પાર્ટનર્સ દ્વારા આ શેર ખરીદવામાં આવ્યા છે. આજે બીએસઈ સેન્સેક્સ ૦.૩૭ ટકા અથવા ૨૪૫ પોઈન્ટ વધીને ૬૭,૪૬૬ પર બંધ રહ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર ૦.૬૨ ટકા ઘટીને ૨૫૧૬ પર બંધ આવ્યો હતો. અદાણી એનર્જીનો શેર ૧.૮૧ ટકા ઘટીને ૮૩૬ પર બંધ રહ્યો હતો. જ્યારે અદાણી પાવરનો શેર ૨.૫૦ ટકા ઘટીને ૩૭૬ પર બંધ થયો હતો.

અમદાવાદ સુધી દોડતી ટ્રેનને રાજકોટ સુધી લંબાવાઇ

શહેરમાં યુવાનોમાં હાર્ટ એટેક આવવાના કેસોમાં વધારો થયો

દુખાવો અથવા અગવડતા જે હાથ (સામાન્ય રીતે ડાબા હાથ), ગરદન, જડબા, ખભાના બ્લેડ, પીઠ અથવા તો પેટ સુધી ફેલાય છે

નવી દિલ્હી, તા.૧૪

હાઈ બીપી, સ્મોકિંગ અને હાઈ કોલેસ્ટ્રોલની સાથે જીવનશૈલી સંબંધિત ઘણા કારણો છે જેના કારણે હાર્ટ એટેક આવે છે. જેમ તમે જાણો છો, ધૂમ્રપાનથી હૃદયની ધમનીઓ અને નસોને ભારે નુકસાન થાય છે. આ બધા સિવાય કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની ધમનીઓમાં ઘણી સમસ્યાઓ થાય છે. આ બધા સિવાય પણ એવા ઘણા કારણો છે જેના કારણે હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે. દુખાવો અથવા અગવડતા જે હાથ (સામાન્ય રીતે ડાબા હાથ), ગરદન, જડબા, ખભાના બ્લેડ, પીઠ અથવા તો પેટ સુધી ફેલાય છે. શ્વાસ લેવામાં તકલીફ, શ્વાસ લેવામાં તકલીફ અથવા ઝડપી શ્વાસ. અતિશય પરસેવો, ઘણીવાર ઠંડી અને ચીકણી ચામડી સાથે, ચક્કર અથવા હલકા માથાની લાગણી, અતિશય થાક લાગે છે. જો તમને પલ્સ ન મળે, તો તરત જ **CPR** શરૂ કરો. જ્યારે વ્યક્તિ શ્વાસ ન લેતી હોય અથવા માત્ર હાંફતી હોય ત્યારે તરત જ **CPR** શરૂ કરવું મહત્વપૂર્ણ છે.

હૃદય અને મગજમાં ઓક્સિજન અને રક્ત પંપ કરવા માટે સીપીઆર બચાવ શ્વાસ અને છાતીના સંકોચનનો ઉપયોગ કરે છે. સૌથી અગત્યનું, કાર્ડિયોવેસ્ક્યુલર રોગએ વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વર્ષ ૨૦૧૯માં સીવીડીને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧.૭૯ કરોડ હતી. જેમાંથી ૮૫ ટકા હાર્ટ એટેક અને સ્ટ્રોકના કારણે હતા. 'અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજી'ના જર્નલ અનુસાર, ભારતમાં **CVD**ને કારણે મૃત્યુની સંખ્યા ૧૯૯૦માં ૨૨.૬ લાખથી વધીને ૨૦૨૦માં ૪૭.૭ લાખ થઈ ગઈ છે. પલ્સ તપાસો. જો તમે તમારી આસપાસ કોઈને શ્વાસ માટે હાંફતા જોશો, તો તમારે સૌથી પહેલા પલ્સ તપાસવાની જરૂર છે. પલ્સને તપાસવાની એક રીત એ છે કે વ્યક્તિના કાંડા અથવા ગરદન પર બે આંગળીઓ મૂકો અને મજબૂત અને સ્થિર ધબકારા અનુભવો. તમારા કાનને વ્યક્તિની છાતી પર મૂકો અને હૃદયના ધબકારા તપાસો. જો તમે પલ્સ શોધી શકતા નથી અથવા વ્યક્તિ શ્વાસ લઈ રહ્યો નથી, તો તમારે તાત્કાલિક કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન શરૂ કરવું જરૂરી છે.

ગણેશ ચતુર્થીનું પર્વ થોડા જ દિવસોમાં શરુ થઇ જશે

સુરતમાં છે દુનિયાની સૌથી મોંઘી ગણપતિ બાપ્પાની મૂર્તિ

આ મૂર્તિની ઊંચાઈ માત્ર ૨.૪૪ સિન્ટીમીટર જ છે, આ મૂર્તિને એક અનકટ હિરામાંથી બનાવવામાં આવી છે

સુરત, તા.૧૪

ગણેશ ચતુર્થીનું પર્વ થોડા જ દિવસોમાં શરુ થઈ જશે. હિન્દૂ કેલેન્ડર અનુસાર, ગણેશ ચતુર્થીનો તહેવાર ભાદરવા મહિનાની ચતુર્થીના દિવસે ઉજવવામાં આવે છે. ભાદરવા મહિનાની ચતુર્થી અંગ્રેજી કેલેન્ડર અનુસાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ છે. દર વર્ષે સમગ્ર ભારતમાં ગણેશ ચતુર્થીનો તહેવાર ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવે છે. હાલ સમગ્ર દેશમાં ગણેશ ચતુર્થીની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. દર વર્ષે ગણેશ ચતુર્થી ઉજવતા મંડળો ભગવાન ગણેશની મોંઘી-મોંઘી મૂર્તિઓ લાવે છે અને તેની સ્થાપના કરે છે. આમ તો ભગવાનની મૂર્તિની કોઈ કિંમત નથી લગાવવામાં આવતી, પરંતુ દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર મૂર્તિ ખરીદે છે. સામાન્ય રીતે ગણેશજીની મૂર્તિની કિંમત ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાથી શરુ થાય છે. પરંતુ આજે અમે જે મૂર્તિ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, તેની કિંમતનો અંદાજો લગાવવો પણ મુશ્કેલ છે. આ મૂર્તિની કિંમત સાંભળીને તમારી આંખો પહોળી થઈ જશે. આ સાંભળીને તમે એ વાત જાણવા પણ ઉત્સુક બની ગયા હશો કે આટલી મોંઘી ગણેશજીની મૂર્તિ કોની પાસે છે. ભગવાન ગણેશની અત્યાર સુધીની સૌથી મોંઘી મૂર્તિ ગુજરાત સુરતના વેપારી રાજેશભાઈ પાંડવ પાસે છે. રાજેશભાઈ સુરતના કતારગામમાં રહે છે, જે એક પોલિશિંગ યુનિટના મલિક છે. સાથે જ તેઓ અલગ-અલગ પ્રકારના વ્યવસાય પણ કરે છે. રાજેશભાઈ અને તેમના પરિવારના સભ્યો માને છે કે જ્યારથી ઘરમાં આ મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે, ત્યારથી તેમની પ્રગતિમાં વધારો થયો છે. સૂરતના રાજેશભાઈના ઘરે સ્થાપિત કરેલી ગણેશજીની આ મૂર્તિની કિંમત કરોડોમાં છે. આ મૂર્તિની ઊંચાઈ માત્ર ૨.૪૪ સિન્ટીમીટર જ છે. આ મૂર્તિને એક અનકટ હિરામાંથી બનાવવામાં આવી છે. જેના કારણે આ મૂર્તિની કિંમત લગભગ ૫૦૦ કરોડ ગણાય છે. આ દેશના સૌથી અનમોલ ગણેશજી છે. જોકે, રાજેશભાઈ માટે આ ડાયમંડ ગણેશ ખૂબ જ અનમોલ છે. આમ તો આ મૂર્તિ સામાન્ય ક્રિસ્ટલ મૂર્તિ જેવી જ દેખાય છે, પરંતુ હકીકતમાં તે એક હીરો છે, જે ભગવાન ગણેશની મૂર્તિ જેવો જ દેખાય છે. રાજેશ પાંડવને વર્ષ ૨૦૦૫માં આ મૂર્તિ સાઉથ આફ્રિકા ખાતેની હરાજીમાં મળી હતી. હરાજીમાં આ ડાયમંડ એક અનકટ ડાયમંડ તરીકે વેચવામાં આવી રહ્યો હતો, પરંતુ રાજેશને તેમાં ગણપતિ બાપ્પાની છબી જોવા મળી. જેથી તેમણે હરાજીમાં આ અનકટ ડાયમંડ ખરીદી લીધો. આ મૂર્તિને સૂરત ખાતે વર્ષ ૨૦૧૬ની વાર્ષિક હીરા પ્રદર્શનીમાં પણ રાખવામાં આવી હતી.

ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવા વરસાદની શક્યતા

વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદની આગાહી

હવામાન વિભાગે રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો સિવાયના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે

અમદાવાદ, તા.૧૪

રાજ્યના કેટલાક વિસ્તારોમાં ફરીથી મેઘરાજાએ પોતાની મહેર વરસાવી છે. પરેશ ગોસ્વામીએ રાજયમાં ભારે વરસાદ થવાની આગાહી કરી છે. આ સાથે હવામાન વિભાગે પણ અનેક વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા દર્શાવી છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રયે રાજ્યના આગામી ૫ દિવસના હવામાન અંગે આગાહી કરી છે. જેમાં તેમણે ગુજરાત રિજન એટલે કે ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો સિવાયના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોનો સમાવેશ થાય થાય છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રયની આગાહી પ્રમાણે, ગુજરાતના જે જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ વરસાદ થવાની શક્યતાઓ છે તેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર સહિત દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. આગામી ૫ દિવસ દરમિયાન કરવામાં આવેલી આગાહીમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદની પણ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ચોથા અને પાંચમા દિવસ (૧૬-૧૭ સપ્ટેમ્બર) દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ભારે ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, તાપી સહિત કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ તથા દાદરા નગર હવેલીનો સામાવેશ થાય છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, આજથી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવા વરસાદની શક્યતાઓ છે. જ્યારે પાંચમા દિવસે હળવાથી સામાન્ય વરસાદ થવાની શક્યતાઓ છે. આજે ગીર સોમનાથ, દીવ, કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ થઈ શકે છે. જ્યારે આ પછીના ચાર દિવસ કચ્છમાં હવામાન સૂકું રહેવાની આગાહી છે. ૧૪મી તારીખે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં વરસાદની શક્યાતાઓ છે. ૧૫મીએ જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવ તથા ૧૬મી તારીખે પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ ભાગોમાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગના વેધર મેપ પર જોઈએ તો, ૧૬મી તારીખે ડાંગ, નવસારી, તાપી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી છે. આ સાથે અહીં સામાન્ય ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા દમણ, દાદરા નગર હવેલી, ઉત્તર ગુજરાતનાં કેટલાક જિલ્લાઓમાં જેમકે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, અને મહીસાગરમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે વેધર મેપમાં ૧૭મી તારીખે એટલે રવિવારે દક્ષિણ ગુજરાતનાં ડાંગ, નવસારી, તાપી, વલસાડ અને દમણ, દાદરાનગર હવેલીમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતાઓ છે.

અમદાવાદીઓને મૂંઝવી રહ્યો છે એક સવાલ

લોકોના સવાલ, શહેરના રસ્તા પર કેટલી છે સ્પીડ લિમિટ?

છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ઘણા રસ્તા પર સ્પીડ ગન લઈને ઉભેલી ટ્રાફિક પોલીસને જોઈને અમદાવાદીઓ એલર્ટ થઈ ગયા છે

અમદાવાદ, તા.૧૪

શહેરમાં આજકાલ ટ્રાફિક પોલીસ સ્પીડ લિમિટનો ભંગ કરતા લોકોને ઓન ધ સ્પોટ ઈ-મેમો ઈશ્યૂ કરી શકે તેવી સ્પીડ ગન્સની ટ્રાયલ લઈ રહી છે. તમે પોતે પણ રસ્તા પર વાહન ચલાવતી વખતે ડિવાઈડર પર કે પછી રસ્તાની સાઈડ પર સ્પીડ ગન લઈને ઉભેલા પોલીસ સ્ટાફને જોયો હશે. તથ્ય પટેલે ૨૦ જુલાઈએ ઈસ્કોન બ્રિજ પર નવ લોકોને ઉડાવી માર્યા પછી જાણે સ્પીડ લિમિટનો ભંગ કરનારા લોકોને પાઠ ભણાવવા માટે પોલીસ મેદાનમાં ઉતરી પડી છે, પરંતુ મુદ્દો એ છે કે અમદાવાદના લોકોને શહેરમાં મહત્તમ કેટલી સ્પીડથી વાહન ચલાવવું તેની માહિતી નથી. તેનું કારણ એ છે કે શહેરના મોટાભાગના રસ્તા પર સ્પીડ લિમિટ કેટલી છે તે દર્શાવતા બોર્ડ્સ ક્યાંય શોધ્યા પણ જડે તેમ નથી. હવે જો લોકોને સ્પીડ લિમિટ કેટલી છે તે જ ખબર ના હોય તો સ્વાભાવિક છે કે તેમને પોતાનું વાહન કઈ સ્પીડ પર ચલાવવું તે પણ ખ્યાલ નહીં આવે, અને જો તેમનાથી ભૂલેચૂકે સ્પીડ લિમિટનો ભંગ થઈ ગયો તો તેમને મોટો દંડ ભરવાનો વારો આવશે. એક તરફ સ્પીડ ગન લઈને ઉભેલી પોલીસને જોતાં અમદાવાદીઓ એલર્ટ થઈ રહ્યા છે, પરંતુ હકીકત એ છે કે સ્પીડ લિમિટ વિશે કોઈને ભાગ્યે જ ખ્યાલ છે. એસપી રિંગ રોડ, સીજી રોડ, રિવરફ્રંટના પશ્ચિમ છેડે આવેલા રોડ તેમજ ડ્રાઈવ-ઈન રોડ પર સ્પીડ લિમિટ દર્શાવતા સાઈન-બોર્ડ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ઘણી મહેનત બાદ પણ આવું એકેય બોર્ડ ક્યાંય જોવા નહોતું મળ્યું. એચ.એલ. કોલેજથી થલતેજ ક્રોસ રોડ સુધીના આખાય રસ્તા પર એકપણ જગ્યાએ સ્પીડ લિટિમ દર્શાવતા સાઈનબોર્ડ નથી, તેવી જ રીતે રિવરફ્રંટની બંને બાજુ આવેલા ૨૨ કિલોમીટર લાંબા રસ્તા પર પણ એવું કોઈ સાઈન બોર્ડ નથી કે જેના પર સ્પીડ લિમિટ લખવામાં આવી હોય. ૭૨ કિલોમીટર લાંબા એસપી રિંગ રોડ અને સીજી રોડની પણ કંઈક આવી જ સ્થિતિ છે. આ મામલે ટ્રાફિક પોલીસના ડીસીપી બળદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સ્પીડ લિમિટનું નોટિફિકેસન પોલીસ વડા દ્વારા ઈશ્યૂ કરવામાં આવ્યું હતું, પરંતુ સાઈનબોર્ડ્સ શહેરમાં લાગેલા છે કે નહીં તેની કોઈ માહિતી પોલીસ પાસે ઉપલબ્ધ નથી.

બીજી તરફ, ટ્રાફિક પોલીસના એક સૂત્રનું માનીએ તો હાલ રિવરફ્રંટ પર જે સ્પીડ રડાર યુઝ કરવામાં આવી રહ્યા છે તેનો ઉપયોગ ઓવરસ્પીડિંગનો વિશાળ ડેટાસેટ જનરેટ કરવા માટે થઈ રહ્યો છે. આ ડેટાબેઝનો ઉપયોગ ચોક્કસ રસ્તા પર સ્પીડ લિમિટને રિવાઈઝ્ડ કરવાની જરૂર છે કે નહીં તે નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાશે અને અલગ-અલગ રસ્તા પર સ્પીડ લિમિટ સેટ કરવામાં તે રસ્તા પર નોંધાયેલા અકસ્માતોને આધારે કરવામાં આવશે. ગયા વર્ષે એટલે કે ૧૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સ્પીડ લિમિટ નક્કી કરવામાં આવી હતી. જેમાં એસજી રોડ, સિંધુ ભવન રોડ અને એસપી રિંગ રોડ પર મહત્તમ સ્પીડ લિમિટ ૭૦ કિલોમીટર પ્રતિ કલાક નિર્ધારિત કરાઈ હતી, અને તેમાંય ૧૦૦ સીસીથી વધુની ક્ષમતાનું એન્જિન ધરાવતા બાઈકની સ્પીડ લિમિટ ૬૦ કિલોમીટર પ્રતિ કલાક નક્ક કરાઈ હતી. નિયમ અનુસાર, જો કોઈ વાહનચલાક સ્પીડ લિમિટનો ભંગ કરતા પકડાય તો તેને પહેલા ગુના બદલ બે હજાર રૂપિયા અને બીજા ગુનામાં ૪,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે.

ગુજરાત સરકારે ૧૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ સ્પીડ લિમિટ અંગેનું જે જાહેરનામું બહાર પાડ્યું હતું તે અનુસાર, આઠ કે તેનાથી ઓછી પેસેન્જર કેપેસિટી ધરાવતી કાર સ્ટેટ હાઈવે પર ૮૦ જ્યારે સિટી લિમિટમાં ૭૦ની સ્પીડે દોડાવી શકાય છે, જ્યારે નવ કે તેથી વધુ પેસેન્જરની ક્ષમતા ધરાવતી ગાડીની સ્ટેટ હાઈવે પર સ્પીડ લિમિટ ૭૫ કિલોમીટર પ્રતિ કલાક અને સિટીમાં ૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે. તેવી જ રીતે માલવાહક વાહનોની સ્પીડ લિમિટ સ્ટેટ હાઈવે પર ૭૦ જ્યારે સિટી લિમિટ્સમાં ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. ૧૦૦ સીસીથી વધુ કેપેસિટી ધરાવતા ટુ વ્હીલરને તમે સ્ટેટ હાઈવે પર ૭૦ જ્યારે સિટી લિમિટમાં ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ પર દોડાવી શકો છો અને ૧૦૦ સીસીથી ઓછી ક્ષમતા ધરાવતા વાહનોની સ્પીડ લિમિટ સ્ટેટ હાઈવે પર ૬૦ અને સિટી લિમિટમાં ૫૦ કિલોમીટર પ્રતિ કલાક છે. આ નોટિફિકેશનમાં એમ પણ જણાવાયું હતું કે એક્સપ્રેસ હાઈવે પર કારની સ્પીડ લિમિટ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક છે, જ્યારે ડિવાઈડર્સ સાથેના ચાર કે તેથી વધુ લેનના હાઈવે પર ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ સ્પીડ પર કાર ચલાવી શકાય છે. જોકે, એસજી હાઈવેની જ વાત કરીએ તો અહીં અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ સ્પીડ લિમિટ દર્શાવતા સાઈનબોર્ડ જોવા મળે છે. જેમ કે, ઈસ્કોન બ્રિજ પર સ્પીડ લિમિટ ૪૦ કિલોમીટર પ્રતિ કલાક છે, જ્યારે ઝાયડસ ફ્લાયઓવર પર તે ૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે. એસજી હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા બનાવાયો છે, અને સરકારના જ નોટિફિકેશન અનુસાર તેના પર ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કાર ચલાવી શકાય છે, પરંતુ અલગ-અલગ જગ્યાએ તેના પર અલગ-અલગ સ્પીડ લિમિટ દર્શાવતા સાઈનબોર્ડ્સ વાહનચાલકોને મૂંઝવણમાં મૂકે તેવા છે.

રસ્તા પર થતાં અકસ્માતમાં ઓવર સ્પીડિંગને કારણે થતાં એક્સિડન્ટ્સનું પ્રમાણ સૌથી વધારે હોય છે. ૨૦ જુલાઈએ તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર નવ લોકોને ઉડાવ્યા તેનું મુખ્ય કારણ ઓવરસ્પીડિંગ જ હતું. અકસ્માત થયો ત્યારે તથ્યની કાર ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી. તેવી જ રીતે હજુ ગયા અઠવાડિયે જ એસજી રોડ પર થયેલા ત્રણ અલગ-અલગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાને જાણે કાયદાનો કોઈ ડર ના હોય તેમ તેઓ બેફામ વાહન દોડાવી લોકોના જીવ લે છે, આ મામલે ગુજરાત હાઈકોર્ટે પણ કાયદાનું કડકાઈથી પાલન ન કરાવી શકવા બદલ પોલીસ અને સરકારની ઝાટકણી કાઢી હતી. અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા લોકોને પકડવા ઠેર-ઠેર ૨૭૦૦ જેટલા સીસીટીવી પણ ઈન્સ્ટોલ કરાયેલા છે, પરંતુ તે સ્પીડ લિમિટનો ભંગ કરતા લોકોને પકડવા માટે સક્ષમ નથી.

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનનો વધુ એક ખુલાસો

ગુજરાત સરકારે પોતાની અધિકૃત WhatsApp ચેનલ શરૂ કરી

ચેનલ દ્વારા મુખ્યમંત્રીના જાહેર કાર્યક્રમોથી લઇને વિકાસના વિવિધ કાર્યો અંગેની અદ્યતન જાણકારી મેળવી શકશે

અમદાવાદ, તા.૧૪

લોકોને માહિતી પહોચાડવા અને લોકો સાથે સંપર્ક સાધવા મુખ્યમંત્રી કાર્યાલયનો નવતર પ્રયોગ. ૨ વર્ષ પૂર્ણ થતાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યાલયે વોટસએપ ચેનલ શરૂ કરી છે. સચોટ જાણકારી નાગરિકો સુધી પહોંચે તે માટેનો **CMO**નો પ્રયાસ છે. છેવાડાના પ્રત્યેક માનવી સુધી વિકાસના લાભ પહોંચે તેવી રાજ્ય સરકારની પહેલ છે. મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાતે પોતાની અધિકૃત **WhatsApp** ચેનલ શરૂ કરી છે. ચેનલ દ્વારા મુખ્યમંત્રીના જાહેર કાર્યક્રમોથી લઈને વિકાસના વિવિધ કાર્યો અંગેની અદ્યતન જાણકારી મેળવી શકશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વિવિધ જનહિતકારી યોજનાઓ અને વિકાસના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંગેની સચોટ જાણકારી નાગરિકો સુધી પહોંચે અને છેવાડાના પ્રત્યેક માનવી સુધી વિકાસના લાભ પહોંચે તેવી રાજ્ય સરકારની નેમ છે. આ હેતુ સાથે મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાતે પોતાની અધિકૃત **WhatsApp** ચેનલ શરૂ કરી છે. જેની પર આપ માનનીય મુખ્યમંત્રીના જાહેર કાર્યક્રમોથી લઈને વિકાસના વિવિધ કાર્યો અંગેની અદ્યતન જાણકારી મેળવી શકશો. આપ સૌનું આ ચેનલમાં હાર્દિક સ્વાગત છે.

જિલ્લામાં આજે ૫,૭૯,૯૮૪ નાગરિકો પાસે આયુષ્યમાન કાર્ડ હોય

અમરેલી જિલ્લાના બાકી રહેતા નાગરિકોને આયુષ્યમાન કાર્ડ અપાશે

જિલ્લાના ૧૧ તાલુકાઓનાં ૧૮ સ્થળો પર રકતદાન કેમ્પ યોજાશે

આરોગ્ય સેવાઓ નાગરિકોને તેમના ગામ સુધી મળી રહે તે માટે જાગૃતિ લવાશે

ટીબી, રકતપિત, અન્ય ચેપીરોગો, એનેમિયા સહિતનાં રોગોની સારવાર કરવામાં આવશે

કલેકટરનાં અધ્યક્ષસ્થાને ડીડીઓની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજાઇ

અમરેલી, તા.૧૪

આયુષમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં અમરેલી ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

જિલ્લા કલેકટરે જણાવ્યુ કે, તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ નાગરિકોને તેમના ગામ સુધી મળી રહે અને વિવિધ આરોગ્ય સંભાળ યોજનાઓ વિશે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે ઉદ્દેશ્ય સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આયુષમાન ભવઃ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષા સુધી આવી શકતા નથી તેમના માટે તાલુકા કક્ષાએ આરોગ્ય સંબંધિત અભિયાન શરૂ રહેશે જેમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને લાભ મળી તે માટે ગુરૂવારે વિશેષ સેવાઓ ઉપલબ્ધ રહેશે. મહત્વનું છે કે, આગામી તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ને બુધવારના રોજ રાષ્ટ્રપતિ દ્વારા આયુષમાન ભવઃ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા અને તાલુકા સ્તરે કાર્યક્રમો યોજવામાં આવનાર હોય છે. એક અંગદાન થકી આઠ જેટલા નાગરિકોને જીવનદાન મળી રહે છે તેથી અંગદાન માટે પ્રતિજ્ઞા લેવામાં આવશે.જિલ્લામાં ૫,૭૯,૯૮૪ નાગરિકો કાર્ડ ધરાવે છે ત્યારે બાકી રહેતા નાગરિકોને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લા પંચાયત આરોગ્ય તંત્ર દ્વારા ખાસ અભિયાન આ કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવશે.

આયુષમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત આયુષમાન કાર્ડ રિન્યુઅલ અને આયુષમાન કાર્ડ ન હોય તેવાને નવા કાર્ડ, આભા કાર્ડ કાઢવા સહિતની કામગીરીઓને આવરી લેવામાં આવશે. ગ્રામ પંચાયત, સામૂહિક કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના સ્થળો પર આયુષમાન કાર્ડ કાઢી આપવામાં આવશે. આગામી તા.૧૮ થી તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન જિલ્લાના ૧૧ તાલુકાઓના ૧૮ સ્થળો પર રકતદાન કેમ્પ યોજાશે.

જિલ્લાના ૪૫ આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય મેળાઓ યોજવામાં આવશે. બિનચેપી રોગો, ટીબી, રકતપિત અને અન્ય ચેપી રોગો, માતા અને બાળ આરોગ્ય તેમજ પોષણ, આંખ સંભાળ અને એનેમિયા સહિતના રોગોની સારવાર, આરોગ્ય માટે જાગૃત્તિ સહિતની બાબતોને આવરી લેવામાં આવશે. આરોગ્ય ઉપરાંત સહકારી મંડળીઓ, ગ્રામ પંચાયત, આંગણવાડી કાર્યકરો સહિતનાઓ આ કામગીરી માટે સેવાઓ પૂરી પાડશે. આગામી તા.૨ ઓકટોબર, ૨૦૨૩ના રોજ આયુષમાન સભા યોજવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યોજાનાર ગ્રામસભાઓમાં ટીબી મુકત ગામ અભિયાન અંતર્ગત ટીબીની સારવાર અને ટીબી મુકત ગામના સંકલ્પને સાધવા માટેની પ્રતિજ્ઞા સાથે વિવિધ કાર્યક્રમો થશે.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવે જણાવ્યુ કે, વધુમાં વધુ નાગરિકો પીએમજેએવાય કાર્ડ મળી રહે તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર કટિબધ્ધ છે. જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના અધિકારીઓ–કર્મચારીઓ અને પત્રકારો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહેશે

સા.કુંડલા : શ્રી લાલધામ આશ્રમ ખાતે શ્રી રામદેવજી નવરાત્રિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો

મહંત ચંદ્રિકાબેન ગુરૂ હસુબાપુનાં નેતૃત્વમાં તૈયારીઓ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલાનાં શ્રી લાલધામ આશ્રમ ખાતે પ્રતિવર્ષની જેમ ભગવાન શ્રી રામદેવજી મહારાજનાં નવરાત્રી નિમિત્તે જુવારા, નેજા ઉત્સવ –પૂજન અર્ચન તથા નવે નવ દિવસ સુધી હોમાત્મક યજ્ઞનું તેમજ મહા આરતી–સંતવાણીનું આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક આયોજનમાં શહેર અને બહારગામનાં અનેક ભાવિકો, સેવકો લાભ લેશે.

બ્રહ્મલીન પૂજય હસુબાપુ ગુરૂ શ્રી લાલબાપાની તપોસ્થળી શ્રી લાલધામ આશ્રમ ખાતે પ્રતિ વર્ષ આ ધર્મમય આયોજન કરવામાં આવે છે. જેનો વિશાળ સંખ્યામાં ભાવિકો લાભ લેતા હોય છે.

આ વર્ષે પણ ધર્મમ્ય આયોજનમાં અનેક ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવશે. શ્રી લાલધામ સેવા ટ્રસ્ટનાં નેજા હેઠળ યોજાનાર આ સુંદર આયોજનમાં આશ્રમનાં સેવાભાવી ધર્મનુરાગી ભાઈ–બહેનો સહિત મહંત બહેન ચંદ્રિકાબેન ગુરૂ હસુબાપુ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

થોરડી : લોકવિદ્યા મંદિર અને નિવાસી અંધ વિદ્યાલયનું ગૌરવ

સાવરકુંડલા, તા. ૧૪

અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા ૨૦૨૩માં અમરેલી જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન વિદ્યાસભા સંકુલમાં યોજાયું હતું.

જેમાં લોકવિદ્યા મંદિર થોરડીની ટીમે સાવરકુંડલા તાલુકાનું પ્રિતિનિધિત્વ કર્યું હતુ અને લોકવિદ્યા મંદિર થોરડીની અંડર – ૧૭ની કબડ્ડીની ટીમે બાબરા, ખાંભા, તરવડાની ટીમો સામે જબરદસ્ત જીત મેળવી જાફરાબાદ તાલુકા સામે ફાઈનલમા જીત મેળવી અમરેલી જિલ્લામાં લોકવિદ્યા મંદિરની ટીમ વિજેતા બની છે.

જે હવે અમરેલી જિલ્લાનું પ્રિતિનિધિત્વ કરશે અને આણંદ ખાતે રાજય કક્ષાએ રમવા જશે. જે માહિતી લોકવિદ્યાલય મંદિર થોરડી ટીમના કોચ અને પી. ટી. શિક્ષક દિપુભાઈ ભૂંકણ દ્વારા જણાવેલ છે.

ટીમ રાજય કક્ષાએ જીત મેળવી અમરેલી જિલ્લાનું તાલુકાનું અને શાળા તેમજ પરિવારનું ગૌરવ વધારે તેવી સમગ્ર શાળા પરીવાર વતી શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

સેલ્બી હોસ્પિટલનાં સહયોગથી

સાવરકુંડલા ખાતે અમી ચેરિ. ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાયો

૨૧૦ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા ખાતે અમી ચેરીટેબલ ટ્રસ્ટ અને સેલ્બી હોસ્પિટલ અમદાવાદનાં સહયોગથી કરોડરજજુ અને ઘૂંટણનાં રોગનો ફ્રી નિદાન કેમ્પ યોજયો. જેમાં ૨૧૦ લાભાર્થીએ લાભ લીધો હતો.

સાવરકુંડલા સાધના સોસાયટીમાં આવેલ શાળા નં. ૯ માં અમી ચેરીટેબલ ટ્રસ્ટ અને સેલ્બી હોસ્પિટલ અમદાવાદનાં સહયોગથી કરોડરજજુ અને ઘૂંટણનો ફ્રી રોગ નિદાન કેમ્પ યોજયો હતો.

જેમાં પીર સૈયદ દાદા બાપુ કાદરી, સાવરકુંડલાનાં સિનિયર ડોકટર વડેરા, મેહુલભાઈ વ્યાસ અને દીપકભાઈ મહેતા એડવોકેટ કેમ્પની મુલાકાતે આવ્યાં હતા. આ કેમ્પમાં અમદાવાદની સેલ્બી હોસ્પિટલનાં ડોકટરની ટીમ ડો. બ્રિજેશ ચંદે, ડો. સરફરાઝ બાદી, ડો. અભિષેક મહેતા તેમજ માર્કેટીંગ મેનેજર તેજસ પટેલ અને અજિતભાઈએ સારી સેવા આપી હતી અને ૨૧૦ દર્દીએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા અમી ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ હાજી ગફારભાઈ જાદવ ન.પા. નાં કોર્પોરેર ટકાભાઈ, ઈદ્રિસભાઈ જાદવ સહિત શાળાનાં આચાર્યએ મહેનત કરી હતી.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મોકુફ

અમરેલી,તા.૧૪, જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની સપ્ટેમ્બર માસની બેઠક મોકુફ રાખવામાં આવી છે. મહત્વનું છે કે, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર મુજબ ગુજરાત વિધાન સભાનું ત્રીજું સત્ર શરૂ છે આથી વિધાનસભા સત્રમાં ધારાસભ્યઓની ઉપસ્થિતિ રહે છે. હાલ પંદરમી વિધાનસભાનું સત્ર શરૂ હોય જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની આગામી તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ને શનિવારના રોજ યોજવામાં આવનાર બેઠક મોકુફ રાખવામાં આવી છે, તેમ જનસંપર્ક અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

રાજુલાનાં વેપારીઓની લાગણી અને માંગણીનો આવ્યો અંત

રાજુલા, તા. ૧૪

રાજુલા શહેરમાં છેલ્લાં ઘણા દિવસોથી સફાઈ, પાણી અને કચરાની ફરિયાદો ઉઠવા પામેલ વેપારીઓની વારંવાર તંત્રને રજૂઆત કરવામાં આવતી હતી. પરંતુ કોઈ પરિણામ ના મળેલ ત્યારે સોશ્યલ મીડિયામાં પણ આ બાબતે ઘણી ટીકા ટિપ્પણી સફાઈ બાબતે થતી હતી. ત્યારે રાજુલા શહેરમાં વ્હોટ્સએપમાં વેપારીઓનું ગૃપ ચાલતું હતું.

તે ગૃપમાં આ ચર્ચાનો મુદ્દો તથા વેપારીઓ દ્વારા રાજુલા ગાંધી મંદિર ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલું. જેમાં રાજુલા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખો મનીષભાઈ વાળાને પણ બોલાવવામાં આવેલા અને બીજે દિવસે સવારે વેપારીઓ એકોટેશ્વર મંદિર ખાતે એકત્રિત થઈ અને રાજુલા મામલતદારને આ બાબતે રજૂઆત કરવાનું નક્કી કરેલું.

આજે ૧૦૦ જેટલા વેપારીઓ તમામ ધંધા રોજગારવાળા માં કોટેશ્વર મંદિરે એકત્રિત થયેલા અને મામલતદારને આ બાબતે રજૂઆત કરેલ.

ત્યારે મામલતદારે તમામની રજૂઆતો શાંત ચિત્તે સાંભળી અને મામલતદારની રજૂઆત યોગ્ય રજૂઆત હોય ત્યારે વેપારીઓ સફાઈ કામદારનાં સુપરવાઈઝરોને બોલાવી અને આ બાબતે ચર્ચા–વિચારણાઓ કરતા ચર્ચાનાં અંતે સફાઈ કામદારનો હડતાલનો અંત આવ્યો અને ટોટલ ૧૩૦ કર્મચારીઓનાં એક મહિનામાં બે વખત વારા કરવામાં આવશે.

જેમાં ૧૫ દિવસ ૬૫ કર્મચારી અને બીજા ૧૫ દિવસ બીજા ૬૫ કર્મચારીઓને નોકરી ફાળવવામાં આવશે અને આજે બપોરથી સફાઈ કામદારો દ્વારા રાજુલા શહેરની સફાઈ શરૂ કરવામાં આવશે.

ત્યારે રાજુલા શહેરનાં તમામ વેપારીઓએ મામલતદારનો આભાર વ્યકત કરેલો. ત્યારે રાજુલા મામલતદાર સંદિપ જાદવ પણ વેપારીઓને સાથ અને સહકાર આપવા માટે આભાર વ્યકત કર્યો આજના આ આવેદનપત્રનાં કાર્યમાં રાજુલા શહેરનાં વેપારીઓ મનીષભાઈ વાળા, દીપકભાઈ ઠક્કર પૂર્વ પાલિકા પ્રમુખ, મહેન્દ્રભાઈ ધાખડા, કલ્પેશભાઈ સુવિધા ઈલે. વાળા, મનીષભાઈ વાઘેલા ભરતભાઈ જાની, મેહુલભાઈ હરિયાણી, કુતુબ કપાસી તેમજ ખડપીઠનાં તમામ વેપારી તેમજ ગુંજન પટેલ, પરેશ પરમાર, ગૌરાંગભાઈ સોની, અરૂણ મકવાણા, હાર્દિક સંઘવી, સહિતનાં વિવિધ વેપારીઓ હાજર રહેલા.

આપણા ઋષિઓ...

સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા

સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

દુર્વાસા

અદ્‌ભુત રીતે આલેખીને દુષ્યન્ત–શકુંતલાને અમર બનાવી દીધા, પરંતુ તેઓના અતિ પરાક્રમી પુત્ર ભરતે જ આ ધરતીને ભારતવર્ષના નામથી શોભાવી છે.

'વિષ્ણુ પુરાણ'માં ઉલ્લેખ છે કે દુર્વાસાએ પુષ્પમાળા પહેરાવી ઈન્દ્રનું બહુમાન કર્યુ. પણ ઈન્દ્રને તે ઓછું પડયું, એટલે દુર્વાસાનું ઈન્દ્રે અપમાન કર્યુ. અવગણના પામેલા દુર્વાસા ક્રોધે ભરાયા. ઈન્દ્રને શાપ આપ્યો : ''તારી પ્રભુતા નષ્ટ થશે.'' ''વર્ગ કિયો સોઈ નર હાર્યો' તેમ ઈન્દ્ર તેજહીન બન્યો. અવારનવાર સઘર્ષમાં ઉતરતા અસુરો સામે દેવો હાર્યા.

સર્વ દેવોને દુર્વાસાનો શાપ યાદ તો આવ્યો, પણ દુર્વાસા પાસે જઈ ક્ષમાયાચના કરવાની પણ કોઈની હિંમત ન હતી, તેથી દેવો વિષ્ણુના શરણે ગયા. વિષ્ણુએ પણ દુર્વાસાને ન છંછેડતા દેવોને સમુદ્રમંથન કરી અમૃત મેળવવાનો માર્ગ દર્શાવ્યો.

મંથન થયું, અમૃતકુંભ મળ્યો, પછી દેવો અસુરોને પરીજિત કરવા સમર્થ બન્યા.

જેમ શિવને પોતાના ભકતોની – તપસ્વીઓની કસોટી કરવાનું ગમતું, તેમ દુર્વાસા પણ ધર્મપરીક્ષા કરવામાં ઉત્સાહી છે, જેમાં રાજા અંબરીષ પણ હોય અને દ્રૌપદી પણ હોય. અરે ! કૃષ્ણ જેવા કૃષ્ણને પણ તેમણે કસોટીની એરણે ચડાવ્યા છે.

સૂર્યવંશનો અંબરીષ રાજા સાત દ્વીપો સહિતની પૃથ્વીનો ઉત્તમ રાજા હતા. એક વખત તેણે દ્રઢ નિયમ સાથે અગિયારશનું વ્રત કર્યુ અને બારશના દિવસે પારણા કરવાનો નિર્ણય કર્યો. દુર્વાસાએ આ વાત જાણી એટલે પોતાના શિષ્યસમુદાય સાથે ઉપડયા અંબરીષ રાજા પાસે રાજાએ ઋષિને ભોજન માટે નિમંત્રણ આપ્યું. કસોટી કરવા તત્પર દુર્વાસા ભોજન પહેલા સ્નાન કરવા શિષ્યોને સાથે લઈ નદી કિનારે ગયા અને જાણી જોઈને પાછા આવવામાં વિલંબ કર્યો. જોગાનુંજોગ એ દિવસે બારશ હતી, પણ તે થોડા સમય પૂરતી જ હતી. ઋષિને મોડું થતું ગયુ અને બારશતિથિનો સમય પુરો થવા આવ્યો, એટલે અંબરીષે ધર્મમાં વિઘ્ન આવ્યું જાણી, શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે આપદ્‌ધર્મ–સ્વરૂપે થોડું પાણી પી લઈને પારણું કરી લીધું. અને અતિથિ દુર્વાસાની રાહ જોતા બેઠા.

દુર્વાસા આવ્યા. તેમણે જાણ્યું કે રાજાએ જળ પી લઈને પારણું કરી લીધું છે, એટલે ઋષિનો ક્રોધ ભભૂકયો અને ઉગ્રતાથી કહયું : ''હે નીચ રાજા ! તેં મને આમંત્રિત કર્યો અને મને જમાડયા વિના તેં જળ પી લીધું ? હું તને તેનું ફળ ચખાડું છું ! હું કોણ ? હું દુષ્ટોને શિક્ષા કરનાર દુર્વાસા !'' એમ કહી ક્રોધથી લાલ નેત્રો કરી રાજાને બાળી નાખવાની તૈયારી કરી, ત્યાં તો અંબરીષ રાજાના પુણ્યનો ઉદય થયો હોય તેમ રાજાની રક્ષામાં રહેલું ઈશ્વરી ચક્ર ઉભું થયું. આ તો સુંદર્શનચક્ર હતુ. દુર્વાસાને બાળવા તત્પર બનેલું તે ચક્ર ઉગ્રતાથી બળવા લાગ્યું. કારણ કે શિવની માયાથી મોહિત થયેલા ચક્રે દુર્વાસાને શિવસ્વરૂપ જાણ્યા ન હતા. ત્યાં વળી આકાશવાણી સંભળાઈ : ''હે રાજા ! આ સૂદર્શનચક્ર શિવે જ વિષ્ણુને આપ્યું છે, જે દુર્વાસા તરફ પ્રજવલિત થઈ ધસી રહયું છે. તેને તું શાંત કર. હે રાજા ! તું દુર્વાસાને સાધારણ મુનિ જાણીશ. તેઓ તારી પરીક્ષા કરવા જ આવ્યા છે. જલદી ઋષિને શરણે જા.'' અંબરીષ વિનમ્રતા ધર્મ સારી રીતે પાળ્યો હોય અને અમારું કુળ બ્રાહ્મણોને જ દેવ માનતું હય તો વિષ્ણુનું આ ચક્ર શાંત થાઓ.''

શિવના અંશાવતાર એવા દુર્વાસા પ્રતિ સુદર્શનચક્ર શાંત થયું. અંબરીષરાજાના આચારધર્મની પ્રતીતિ થવાથી દુર્વાસા સંતુષ્ટ થયા. કસોટીમાંથી પાર ઉતરેલા અંબરીષે પુત્રોને રાજગાદી સોંપી અને વનમાં તપ કરવા ચાલી નીકળ્યા.

આ રીતે દશરથપુત્ર રામની પણ તેમણે કસોટી કરી હતી અને રમની અતિ દ્રઢ નિયમપૂર્ણ નિષ્ઠા જોઈ દુર્વાસાએ પોતાની ખુશી વ્યકત કરી, તો કૃષ્ણની પરીક્ષા કરવામાં પણ આ મુનિ પાછા નથી પડયા. કૃષ્ણને ત્યાં ભોજન માટે આવવા તૈયાર તો થયા પણ શરત મૂકી કે પોતે રથમાં બેસશે અને કૃષ્ણ–રુકિમણી રથ ખેંચશે. દુર્વાસા રથમાં બેસી નિષ્ઠુરતાથી કોઈ ઘોડાને હાંકે તેમ કૃષ્ણને ચાબુક મારતા–મારતા હાંકવા લાગ્યા. પરંતુ આ તો સમત્વપૂર્ણ કૃષ્ણ છે.

કૃષ્ણ ચૂપચાપ રથ હાંકતા રહયા. કૃષ્ણની ઋષિભકિત અને દ્રઢતા, સમતા અને વિનમ્રતા જોઈ ઋષિ પ્રસન્ન થયા. રથમાંથી ઉતરી પડયા અને તેમણે શ્રીકૃષ્ણને વજ્ર જેવા દ્રઢ શરીરનું વણમાગ્યું વરદાન આપ્યું. દુર્વાસા કયારે ખુશ થાય તે કહેવાય નહીં ને કયારે શાપ આપી દે તે પણ કહેવાય નહીં. એમની તો લીલા જ ન્યારી !

'મહાભારત' અને 'વિષ્ણુપુરાણ' કહે છે કે શ્રીકૃષ્ણે અત્યંત ચીવટથી, પ્રેમથી, દુર્વાસાની પરોણાગત કરી, સન્માન સાથે સ્વાદિષ્ટ ભોજનથી તેમને તૃપ્ત કર્યા, પરંતુ ભોજન બાદ દુર્વાસાના પગના પંજા પર પડેલા અન્નના દાણા વીણી પગ ધોવાનું ભૂલી ગયા. દુર્વાસાને તો ક્રોધ ચડતા કેટલી વાર ? તરત શાપ આપ્યો : ''તમારુ કમોત થશે !'' બન્યું પણ એવું જ ને ? 'વિષ્ણુપુરાણ' કહે છે કે આ શાપને કારણે વ્યાધના બાણથી કૃષ્ણનું મૃત્યુ નીપજયું. **(ક્રમશઃ)**

અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ–અમરેલીમાં તા. ૧૩/૯/૨૩નાં રોજ પ્લેસમેંટ સેલ એજયુકેશન ડિપાર્ટમેન્ટ– ગર્વમેન્ટ ઓફ ગુજરાત તથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનાં સંયુકત ઉપક્રમે 'મહિલાઓ માટેનો ખાસ રોજગાર ભરતી મેળા' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮૦ મહિલા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી અલગ–અલગ કંપનીઓમાં ૧૪૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ ભરતી મેળામાં શીતલ કુલ પ્રોડકટ્સ, અમરેલી, આલ્ફા ઓટોલીંક લીમીટેડ અમરેલી, એલ.આઈ.સી. અમરેલી, એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યોરન્સ–અમરેલી, મહિંદ્રા સી.આઈ.ઈ. ઓટોમોટીવ પ્રા.લી. રાજકોટ, એઈમ્સ લિમિટેડ ભાવનગર કંપનીઓનાં પ્રતિનિધિઓ, અમરેલી રોજગાર વિનિમય કચેરીનાં રોજગાર અધિકારી પ્રજાપતિ, પોલિટેકનિકલ કોલેજ અમરેલીનાં પ્રિન્સીપાલ અને પ્લેસમેંટ સેલ અમરેલી જિલ્લાનાં નોડલ ઓફિસર ભાવિનભાઈ રાવળ , પ્રિન્સી ડો. ચુડાસમા, અમરેલી રોજગાર વિનિમય કચેરીનાં કૌશિકભાઈ, લક્ષીતાબેન, નિષાબેન, ઈશ્વરભાઈ સોલંકી, કોલેજની વિદ્યાર્થીનીઓ અને બહોળી સંખ્યામાં દૂર–દૂરનાં ગામડાઓમાંથી પણ રોજગાર ઈચ્છુક મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતા.'મહિલાઓ માટેનો ખાસ રોજગાર ભરતી મેળાનાં ઉદ્ઘાટન સત્રનો મંગલ પ્રારંભ સર્વ ધર્મ પ્રાર્થનાથી થયો હતો. પ્રાર્થના બાદ પ્રિન્સી. ડો. ચુડાસમાએ ઉપસ્થિત સર્વેનો શબ્દોથી સત્કાર કર્યો હતો. ત્યારબાદ રોજગાર અધિકારીએ મહિલાઓ માટેનાં આ ખાસ રોજગાર ભરતી મેળાનાં લાભ અને મહત્વ વિશે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. આ પ્રસંગે પ્રિન્સિ રાવળે પ્રાસંગિક વકતવ્ય અને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ઉપસ્થિત કંપનીઓનાં પ્રતિનિધિઓએ પોતાની કંપની વિશે અને તેના કાર્ય વિશે માહિતી આપી હતી અને ત્યારબાદ અલગ–અલગ રૂમમાં અલગ–અલગ કંપનીઓનાં પ્રતિનિધિઓએ ઉમેદવારોનાં ઈન્ટરવ્યુ લીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન ડો. વેલિયતે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ સ્ટાફ, એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનાં તમામ સ્ટાફનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો.

બાબરામાં ભાદરવી અમાસે શ્રમિક પરિવારને યુવા મિત્રોએ ભોજન કરાવ્યું

બાબરા, તા. ૧૪

બાબરામાં પંચકુંડે ભાદરવી અમાસનો ભવ્ય લોકમેળો ભરાય છે. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં લોકો મેળાની મોજ માણવા આવે છે. અહીં રાજકોટ ભાવનગર પર રોડનાં બેને કાંઠે સાવ સામાન્ય કહી શકાય તેવા પરિવાર પાથરણાં પાથરી અમુક રમકડાં સહિત નાની મોટી ચીજ વસ્તુઓ વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ લોકોની સાવ દારૂણ પરિસ્થિતિ હોય છે. ત્યારે અહીં રામનગર તેમજ કૃષ્ણનગર વિસ્તાર યુવા મિત્રો દ્વારા આ તમામ લોકોની યાદી કરી આશરે ચારસો થી પાંચસો જેટલા લોકોને શાક, રોટલી, ખીચડીનું ભોજન કરાવી આત્મ સંતોષ વ્યકત કરવામાં આવ્યો હતો. અહીં પાથરણા પાથરી સામાન્ય વેપાર કરતા લોકોની સેવા કરતા સેવાની સરવાણીમાં એક બીજી વાત પણ યુવા મિત્રોએ દુઃખ સાથે વ્યકત કરી હતી કે શહેર નાં અમુક એવા લોકો અહીં પાથરણા પાથરતા લોકો પાસેથી રૂ. ૨૦ તેમજ રૂ. ૫૦ સુધીનું ઉઘરાણી કરી જતા રહે છે ત્યારે આવા લોકોને પોલીસ વોચ રાખે અને સબક શીખવાડે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ મોટી	૧૧૩૧	૧૪૩૬
૨	તલ સફેદ	૩૦૦૦	૩૩૩૩
૩	તલ કાળા	૨૮૫૦	૩૨૦૦
૪	કપાસ	૧૪૦૦	૧૫૮૧
૫	કપાસ નવો	૧૩૭૫	૧૬૦૧
૬	ઘઉં લોકવન	૫૦૭	૫૬૩
૭	ઘઉં ટુકડા	૫૧૮	૫૬૫
૮	બાજરો	૩૨૧	૩૭૯
૯	જુવાર	૬૦૦	૮૫૦
૧૦	ચણા	૧૦૭૦	૧૨૧૬
૧૧	એરંડી	૧૦૦૦	૧૧૬૯
૧૨	ધાણા	૧૧૯૦	–

ગુજરાત પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલની કાર્યવાહી

રાજયની તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષનાં આદેશનું ઉલ્લઘંન કરનાર ૨૪ સભ્યો સસ્પેન્ડ

મતદાનમાં ગેરહાજર રહેનાર ૯ સદસ્યોને નોટિસ

અમરેલી, તા. ૧૪

તાજેતરમાં તાલુકા પંચાયતની અઢી વર્ષની મુદત પુરી થયા બાદ પ્રમુખ, ઉપપ્રમુખની ચુંટણી માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અપાયેલા આદેશનું ઉલ્લંઘન કરીને ક્રોસ વોટીંગ કરનાર ૩૪ સભ્યોને તાત્કાલિક અસરથી છ વર્ષ માટે કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે નિર્ણય કરેલ છે. કોંગ્રેસ પક્ષનાં આદેશનું ઉલ્લંઘન કરનાર વિવિધ તાલુકા પંચાયતમાં ગારીયાધાર, કલોલ, અબડાસા, લખતર, સરસ્વતી, સિધ્ધપુર, વિસનગર, નડિયાદ, માતર, મહુવાનાં સભ્યોનો સમાવેશ થાય છે. ગુજરાતની વિવિધ તાલુકા પંચાયતનાં પક્ષનાં આદેશ વિરૂદ્ધ ગેરહાજર રહેનાર નવ સભ્યોને પણ પક્ષ તરફથી તાત્કાલિક નોટિસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું રાજુલા–ખાંભા તથા સાવરકુંડલા પંથકમાં

રાજુલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે કાચા સોના સમાન વરસાદથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી.

આ ઉપરાંત જિલ્લાનાં ગીરકાંઠાનાં ખાંભા તાલુકાનાં ડેડાણ, રાયડી, પાટી, નેસડી, મુંજીયાસર, ત્રાકુડા સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી અને મુરઝાતી મૌલાત ઉપર હેત વરસાવતા જગતાતે પણ થોડો ઘણો હાશકારો અનુભવ્યો હતો.

આમ અમરેલી જિલ્લાનાં રાજુલા, ખાંભા તથા સાવરકુંડલા પંથકમાં મેઘરાજાએ પધરામણી કરતા હવે અન્ય શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડશે તેવી લોકોમાં આશા બંધાય છે.

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ઘરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો–રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૩૬	૧૫૫૮
૨	મગફળી	૧૧૦૫	૧૩૫૬
૩	ઘઉં	૪૬૧	૪૯૯
૪	ચણા	૮૬૫	૧૧૩૦
૫	ધાણા	૧૦૫૫	૧૧૦૫
૬	વટાણા	૧૦૩૫	૧૦૩૫
૭	શીંગ ફાડા	૧૩૩૫	૧૩૩૫
૮	સોયાબીન	૮૫૪	૮૯૯
૯	તલ	૧૯૦૦	૩૧૮૫
૧૦	મકાઈ	૪૫૦	૪૫૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	તલ કાળા	૨૦૦૦	૨૦૦૦
૨	તલ સફેદ	૩૦૯૦	૩૨૦૦
૩	કપાસ	૮૫૧	૧૫૭૦
૪	બાજરો	૪૦૭	૪૨૧

પાના ૮ ઉપરનું ચાલું દહિડા ગામે સરપંચની ચૂંટણીનાં

પક્ષે આર્મીમેન મહિપતભાઈ ઘુસાંબાએ પણ તેજ ગામે રહેતા દિલીપભાઈ વિક્રમભાઈ વાળા તથા હરેશભાઈ વિક્રમભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે પોતે પોતાની કાર લઈ દહિડા આવતા હોય ત્યારે આ બન્ને ઈસમો ગાળો આપવા લાગતા આર્મીમેને ગાળો આપવાની ના પાડતા આ બન્ને ઈસમોએ ઉશ્કેરાઈ જઈ ફોર વ્હીલ ઉપર પાઈપ મારી નુકસાન કરી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા બેન્કનાં ચેરમેન પદે

હાથ ધરવામા આવેલ. જેમા જીલ્લાની બન્ને સહકારી સંસ્થાઓનું સુકાન સર્વસંમતી યથાવત રાખવામા આવતા ઉપસ્થિત સૌએ શુભેચ્છા સાથે વધાવી હતી.

જીલ્લાની સહકારી પ્રવૃત્તિ અને યોજનાઓ એટલી લોકપ્રિય નિવડી કે, કેન્દ્ર સરકાર ધ્વારા યોજનાઓને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી. કોરોના હોય કે કુદરતી આફત વચ્ચે પણ ખેડૂતોને મદદરૂપ બનવાનો પ્રયાસ દિલીપ સંઘાણીની દિર્ઘ દ્રષ્ટિનો પરિચય આપી જાય છે. કોરોના સંક્રમણમાં રીવોલ્વિંગ ફંડ ખેડૂતોને આર્શિવાદરૂપ નિવડયુ તે નોંધનીય બાબત છે. પ્રધાનમંત્રી વીમા સુરક્ષા કવચથી ચાર લાખ પરિવાર લાભાન્વિત કરવાનો અભૂતપૂર્વ નિર્ણય સમગ્ર દેશમા પ્રથમ જીલ્લા બેંક તરફથી કરવામાં આવેલ. આ પ્રમાણે વીમા કવચ લેનાર દેશની પ્રથમ સહકારી સંસ્થા છે જેણે સંલગ્ન ખેડૂતો, વેપારીઓ, શ્રમિકો, નાના–મોટા ગ્રાહકો, ડીપોઝીટરો સહિત સૌ કોઈને સાંકળી લીધાનું દિલીપ સંઘાણી–જયંતિ પાનસુરીયાએ જણાવેલ. અમરેલી જિલ્લાની બન્ને સહકારી સંસ્થાએ શુન્યમાંથી સર્જન તરફ આગેકુચ કરી છે તેમા દિલીપ સંઘાણી સહિતની ટીમ સહકાર હરકોઈને સહકારના માધ્યમથી મદદરૂપ બનવાનો નિરંતર પ્રયાસનું પરિણામ સહકારી સંસ્થાઓની સફળતા હોવાનું જણાવાયેલ છે.

બન્ને સહકારી સંસ્થાઓ જીલ્લા બેંક અને જીલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘના ચેરમેન–વાઈસ ચેરમેનની મૂદત પુર્ણ થતાં યોજાયેલ પ્રક્રિયામાં અનુક્રમે દિલીપભાઈ સંઘાણી, અરૂણભાઈ પટેલ, જયંતિભાઈ પાનસુરીયા, દિપકભાઈ માલાણી પુનઃ સત્તારૂઢ થયા છે. દિલીપભાઈ સંઘાણીના નામની દરખાસ્ત દાદભાઈ વરૂએ મુકેલ જેને મંજુલાબેન જોષીએ ટેકો આપેલ. વાઈસ ચેરમેન તરીકે અરૂણભાઈ પટેલના નામની દરખાસ્ત બાબુભાઈ સખવાળાએ કરેલ જેને મગનભાઈ ભાદાણીએ ટેકો આપેલ હતો. તેવી જ રીતે અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘના ચેરમેન તરીકે જયંતિભાઈ પાનસુરીયાના નામની દરખાસ્ત હરજીભાઈ નારોલાએ કરેલ જેને કલ્પેશભાઈ ગજેરાએ ટેકો આપેલ જયારે વાઈસ ચેરમેન તરીકે ચતુરભાઈ મગનભાઈ વિરાણીના નામની દરખાસ્તને ચતુરભાઈ દેસાઈએ ટેકો આપેલ.

આ તકે દાદભાઈ વરૂ, ભાવનાબેન ગોંડલીયા, લાલજીભાઈ નાકરાણી, બાબુભાઈ સખવાળા, મનજીભાઈ તળાવીયા, યોગેશભાઈ બારૈયા, જીવાજીભાઈ રાઠોડ, વિનુભાઈ રૈયાણી, હિરજીભાઈ નવાપરા, કાંતિભાઈ પટોળીયા, માવજીભાઈ ગોલ, મગનભાઈ ભાદાણી, મંજુલાબેન જોશી, મંજુબેન શિયાણી, અરૂણાબેન માલાણી, વિઠ્ઠલભાઈ ગઢીયા, પીયુષભાઈ શુકલ, જયભાઈ મસરાણી, અલ્પાબેન રામાણી, જયોત્સનાબેન ભગત સહિત સમગ્ર બોર્ડ પર અભિનંદનવર્ષા થઈ રહયાનું બેંકની અખબારી યાદીમા જણાવયેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સને.૧૯૯૫ માં દ્વારકાદાસભાઈ પટેલના શુભાષિશ સાથે સંભાળેલ જીલ્લા બેંકનું સુકાન દિલીપ સંઘાણીએ સમગ્ર બોર્ડના સહકારથી અનેકવિધ નિતી–નિર્ણયો અને યોજનાકીય સફળ તાથી સહકારી બેંકની યશસ્વી ઓળખ ઉભી કરી છે જે સમગ્ર દેશને દિશા આપી રહેલ છે જે નોંધનીય બાબત છે.

સા.કુંડલા ખાતે રુદ્રગણ દ્વારા શિવજીની વિરાટ પાલખી યાત્રા યોજાઈ

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ૨૫ વર્ષથી રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસ નિમિત્તે રૂદ્રગણ દ્વારા શિવધૂન બોલાવાઈ છે અને અંતિમ દિવસે શિવજીની વિરાટ પાલખી યાત્રા કાઢવામાં આવે છે. આ વર્ષે શિવજીની વિરાટ પાર્ટી યાત્રા રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરેથી રાત્રે ૯:૦૦ કલાકે નીકળી હતી અને શહેરનાં મુખ્ય માર્ગોમાં ફરી હતી. આ પાર્ટી યાત્રામાં શિવજી તેમજ વિરાટ સંખ્યામાં શિવજીના ગણોએ શણગારીને ભગવાન શિવના પ્રતીકને પાલખીમાં પધરાવી વાજતે ગાજતે હર હર મહાદેવના નાદ સાથે નીકળી હતી. પાલખી યાત્રામાં શહેરના અનેક ભકતો પણ જોડાયા હતા. પાલખી યાત્રા રિદ્ધિ સિદ્ધિ મંદિરેથી નીકળી અને મણીભાઈ ચોક ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિરે તેમની ખાસ સ્વાગત અને આરતી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં શણગારેલા શિવ ગણોએ હર હર મહાદેવનાં નાદ અને ધૂન સાથે નીકળેલા જોવા માટે મહિલાઓને પુરૂષો ચોખા અને પુષ્પથી વધાવી રહ્યાં હતાં. છેલ્લા ૨૫ વર્ષથી આ પાલખી યાત્રામાં ઉત્તરોતર શ્રદ્ધા અને આસ્થા વધતી જાય છે. શિવ ગણોની સંખ્યા પણ ધીમે ધીમે વધતી જાય છે. આમ સાવરકુંડલા શહેરના ઈતિહાસ મહાદેવ મંદિરનું પણ એટલું જ ખાસ મહત્વ છે. ત્યારે રૂદ્રગણ સાવરકુંડલા શ્રાવણ માસની શિવ ધૂન અને પાલખીયાત્રાનાં આ તહેવારો અને ઉત્સવોને વધુમાં વધુ લોકોની શ્રદ્ધા ઊભી થાય તે માટેનાં પ્રયાસો કરી રહી છે. જેને સમગ્ર શહેર અને ગ્રામ્ય વિસ્તારનાં શિવભકતોને અગ્રણીઓએ અભિનંદન સાથે વંદન કરી રહ્યા છે.

લાઠીનાં પ્રાંત અધિકારીનાં અધ્યક્ષસ્થાને અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં

બાબરા પાલિકાનાં નવનિયુકત શાસકોની બિનહરિફ વરણી

પ્રમુખપદે પ્રવિણભાઇ કરકર અને ઉપપ્રમુખપદે અંકુરભાઈ જસાણીને જવાબદારી મળી

કારોબારી સમિતિના ચેરમેન તરીકે લીલાબેન મકવાણાને જવાબદારી સોંપાઇ

ભાજપના તમામ ૧૮ નગરસેવકોએ પક્ષની સુચના મુજબ પદાધિકારીઓની કરી પસંદગી

નવનિયુકત પદાધિકારીઓને ભાજપનાં અગ્રણીઓએ શુભકામનાઓ પાઠવી

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા નગર પાલિકામાં ભાજપનું શાસન છે વર્તમાન પ્રમુખ રેખાબેન લલિતભાઈ આંબલિયાની ટર્મ પૂર્ણ થતાં આજે બપોરે ૩:૩૦ કલાકે લાઠી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તેમજ ચીફ ઓફિસરની ઉપસ્થિતમાં નવનિયુકત પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેન તેમજ પક્ષના નેતા અને દંડકની બિનહરીફ વરણી કરવામાં આવી કરવામાં આવી હતી.અહીં જિલ્લા ભાજપના ઉપપ્રમુખ શરદભાઈ પંડયા દ્વારા ભાજપના દરેક સભ્યને વહીપ બજવણી કરી મેન્ડેડ રજૂ કર્યુ હતું ત્યારબાદ ચૂંટણી યોજાય હતી જેમાં તમામ ભાજપના ૧૮ જેટલા સભ્યોએ આંગળી ઉંચી કરી પક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલ પદાધિકારીઓ પર પસંદગી કરી મતદાન કર્યુ હતું.નગરપાલિકા નવ નિયુકત પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી અને કારોબારી સમિતિના ચેરમેન લીલાબેન મકવાણા પાલિકામાં પ્રથવવાર વિજેતા બન્યા હતા છે અને અઢી વર્ષ બાદ પક્ષ દ્વારા જવાબદારી આપવામાં આવી છે.

નવનિયુકત પદ અધિકારી ઓને લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, મુકેશભાઈ ખોખરીયા, નીતિનભાઈ રાઠોડ, બીપીનભાઈ રાદડિયા, વસંતભાઈ તેરૈયા, અશોકભાઈ રાખોળિયા, અલતાફભાઈ નથવાણી સહિતના સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને નગર પાલિકા સભ્યો દ્વારા આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

નવનિયુકત પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેનને ઉપસ્થિત ભાજપના અગ્રણીઓ અને સાથી સભ્યો દ્વારા ફુલહાર કરી ઢોલનગરા સાથે શહેરની બઝારોમાં વરઘોડો વિજયરથ કાઢવામાં આવ્યો હતો.

આંબરડીની શાળામાં હિન્દી દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા. ૧૪

આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ હિન્દી સાહિત્યમાંથી હિન્દીની વિવિધ કવિતાઓનું પઠન કર્યુ હતું. હિન્દીનાં સંવાદો સાથે સાથે પ્રવચન, વાર્તાઓ તેમજ હિન્દી નાટક રજૂ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિન્દી વિષયના શિક્ષક જે.પી. પાનસુરિયાએ કરેલું. મેનેજીંગ ટ્રસ્ટી તેમજ પ્રિન્સિપાલે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

રાજયવ્યાપી જનજાગૃતિ અભિયાન અંતર્ગત

રાજયમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

રાજયનાં 33 જિલ્લામાં જાથાનાં અંધશ્રદ્ધા કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા.૧૪

ભારત જન વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારાણાર્થે ચમત્કારથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ દેશ -વિદેશમાં અતિ લોકપ્રિય બન્યો છે. જાથાએ વર્ષ ૧૯૯૨ થી ઓગષ્ટ - ૨૦૨૩ સુધીમાં રાજય, પ્રાદેશિક અને ૧૪ શાખાઓની મદદથી ૧૦૦૨૩ જન જાગૃતિના સ્ટેજ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં દોરા-ધાગા, ચમત્કારનાં નામે છેતરપિંડી કરનાર ૧૨૩૩ ધતિંગબાજોનો જનહિતાયે પર્દાફાશ કર્યા છે. ૩૫૦૦ ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીરો, મુંજાવરો, લેભાગુઓને બંધ કરાવ્યા છે.

જાથાનો જનજાગૃતિ કાર્યક્રમની શરૂઆતમાં શાળા, કોલેજો, છાત્રાલયો, સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, સામાજિક-રાષ્ટ્રીય પ્રસંગો, સરકારનાં ગ્રામ સભામાં આયોજન કરવામાં આવતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતનાં ત્યૌહાર, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સપ્તાહ, પારાયણ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ વિગેરેમાં મહતમ આયોજન થાય છે. રાજયમાં જાથાનાં કાર્યક્રમની જબરી માંગનાં કારણે ગુજરાતનાં ૩૩ જિલ્લા જેવા કે રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, પાલનપુર, મહેસાણા, પાટણ વિગેરે તથા તેના તાલુકા તથા ગ્રામ્ય મથકોમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ વહેલા તે પહેલા ધોરણે નોંધણી, વિગત, નિયમોની જાણકારી મેળવી, સંમતિપત્રક મેળવી લેવાનું રહેશે. ત્રણ કલાકનો સ્ટેજ કાર્યક્રમ જ્ઞાન-વિજ્ઞાન સાથે અંધશ્રદ્ધા નિવારણ કેન્દ્રમાં રાખીને જ આયોજન પ્રચાર - પ્રસાર થાય છે. લોકોની ધાર્મિક લાગણી ધ્યાનમાંા રાખી આયોજન હોય છે. જાથાએ ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોનો કદી વિરોધ કર્યો નથી.

જાથાનાં રાજય ચેરમેન એન એડવોકેટ જયંત પંડયાનું વૈજ્ઞાનિક જ્ઞાનલક્ષી તેજાબી વકતવ્ય દેશભરમાં અતિ લોકપ્રિય છે. તેમને સાંભળવા સ્વયંભુ લોકો ઉમટી પડે છે. તેઓ ભૂત, પ્રેત, છાયો, મામો, જીન્નાત, ડાકડ, આસુરી-મેલીવિદ્યાનો ભાંડાફોડ કરી વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર દાખલા- દલીલ સાથે સમજ આપવામાં આવે છે. માનવીને તેના અહંમ, પુર્વગ્રહો નડે છે. જીવતા માણસો જ નડે છે તેની માહિતી આપે છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ફળકથનો, નિવારણ વિધિઓ કેટલી નિરાધાર, બોગસ, અવૈજ્ઞાનિક છે તેની વિજ્ઞાન આધારપુરાવા સોથ રજુ કરવામાં આવે છે.

જાથાની ટીમનાં સદસ્યો એકનાં ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, બેડી તુટવી, નજરબંધી, રૂપિયાનો વરસાદ, ઉકળતા તેલમાંથી હાથેલી પુરી તળવી, કર્ણપિશાચ વિદ્યાર્થી કાનેથી ચિઠ્ઠી વાંચવી, હઝરતનાં ગોળામાં જોવું, બોલતું તાવીજ, ઈલમનું ડિંડક, હવામાં શરીરનું સ્થિર રહેવું જેવા નિદર્શન કરી સ્થળ ઉપર જ શીખડાવી દેવામાં આવે છે. કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ રાજકોટથી સ્પેશ્યલ વાહનનું આવવા - જવાનું ભાડુ, રહેવા, ભોજન તથા કેમીકલનો ખર્ચ ભોગવવાનો રહેશે. ગણેશ મહોત્સવ બાદ નવરાત્રિનાં કાર્યક્રમની નોંધણી કરવામાં આવશે.રાજયમાં જાગૃતો, ઈચ્છુકોએ, મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયુ છે. ફોન-ફેકસ-૦૨૮૧ ૨૫૭૩૬૮૯, ઈ-મેઈલ - janvigyanjatha@yahoo.co.in/advocatejbp@gmail.com

-:: જાહેર સૂચના/ચેતવણી ::-

આથી અમો મહિલા વિકાસ ગૃહ, કેરીયા રોડ, હનુમાનજી મંદિર વાળી શેરી-અમરેલી નાં રહેવાસીઓ આ જાહેર સૂચનાં/ચેતવણીથી જાહેર જનતા તેમજ સૂચિત સબ પ્લોટીંગ પ્લોટ / જમીન ખરીદનારાં લોકોને જણાવીએ છીએ કે આ શેરીમાં આવેલ પડતર મોટા મકાન સાથે ખુલ્લી જગ્યાની મીલકત આવેલ છે. અમારા ધ્યાનમાં તેમજ જાણવામાં આવેલ છે કે અમુક જમીન દલાલો કે બિલ્ડરો આ જમીનમાં નાના-નાના સબપ્લોટીંગ કરી રહેણાંક કે બીનરહેણાંક તરીકે પ્લોટીંગ કરી વેચવાની પેરવી કરી રહ્યાં છે તેમજ બુકીંગ કરી રહ્યા છે. આ શેરી આશરે ૨૦ ફુટ પહોંળાઇની છે. આ શેરીમાં વર્ષો જુના રહેણાંક મકાનો તેમજ સંસ્થાઓ આવેલ છે. આ વિસ્તાર એસ.ટી. ડેપો તેમજ હોસ્પીટલો વગેરેથી નજીક હોય, લોકોની, જાહેર જનતાની સતત અવર-જવર, ટ્રાફીકથી ધમધમતો વિસ્તાર છે. તેથી આ સૂચિત સબ પ્લોટીંગ કરનારા તેમજ સૂચિત ખરીદનારા લોકોને નમ્ર અરજ સહ જાહેર સૂચના/ચેતવણી આપવામાં આવે છે કે અહિં આ જગ્યાએ કોઇપણ બાંધકામ (રહેણાંક હેતુ કે બિન રહેણાંક હેતુ) કે અન્ય કામગીરી કરતા પહેલા જરૂરી સરકારશ્રીના મહેસુલ વિભાગ, નગર નિયોજન કચેરી, અમરેલી નગરપાલિકા કે ''રેરા'' જેવા વિભાગોની પુરતી મંજુરીઓ મેળવી નિયમાનુસાર બાંધકામ કે અન્ય કામગીરી પુરતા પાર્કિંગ, માર્જીન સાથે મંજુર થયેલ બાંધકામ રજાચિઠ્ઠિ, પ્લાન મુજબ કરવાનું રહેશે અન્યથા અમોને કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

ઉપરોકત બાબતોને ધ્યાને રાખી સબપ્લોટીંગ કે જગ્યા ખરીદ કે વેચાણ કરવા આથી જાહેર સૂચના/ચેતવણી આપવામાં આવે છે.

વિશેષ ખરીદનારા લોકોને ખાસ જણાવવાનું કે, ખરીદી કર્યા પહેલા ચોકસાઇ કરી લેવી, પછી થી કોઇને અંગત રીતે શરમાવશો નહી.

લી.
મહિલા વિકાસ ગૃહ, કેરીયા રોડ,
હનુમાનજી મંદિરવાળી શેરીના રહેવાસીઓ-અમરેલી

વડિયા : શ્રાવણ માસનાં અંતિમ દિવસે શિવાલય ભકતોનું ઘોડાપુર

વડિયા, તા. ૧૪

વડિયા વિસ્તારમાં પ્રાચીન શિવ મંદિર કે જયાં લોકો દરરોજ ભોળાનાથને દૂધ ચડાવી જળઅભિષેક બીલીપત્ર ચડાવે છે. વડિયા સુરગપરા વિસ્તારમાં પીજીવીસીએલ કચેરી પાસે આવેલ શ્રી કંથડનાથ મહાદેવ શિવનાથ મંદિર ખાતે લોકો આખા શ્રાવણ માસ નિમિત્તેભગવાન ભોળાનાથને જળ દૂધ બીલીપત્ર ફૂલ હાર ચડાવી ધન્યતા અનુભવતા હતા.

ત્યારે આજે શ્રાવણ માસનાં અંતિમ દિવસે ભગવાન ભોળાનાથની વિશેષ શણગાર અને આરતી કરવામાં આવેલ હતી. ત્યારે આ તકનો લાભ લેવા દર્શનાર્થીઓ ઓ મોટી સંખ્યામાં ઉમટી પડયાં હતાં. ત્યારે અહીં મંદિર ખાતે મહંત


શ્રી ભરત નાથજી બાપુ સેવા પૂજા કરી રહ્યાં છે.

અગત્યની જાહેરાત
લીલીયા ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લિ.

લીલીયા ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લિ.
લીલીયા મોટા અમરેલી (ગુજરાત)માં
સી.ઇ.ઓ./મેનેજર (૧ પોસ્ટ) અને એકાઉન્ટન્ટ (૧ પોસ્ટ) ની
જગ્યા માટે તાત્કાલીક જરૂરીયાત છે.

■ સી-ઇ-ઓ./મેનેજર પોસ્ટ માટે : કૃષિ, કૃષિ માર્કેટીંગ, એગ્રી-બિઝનેશ મેનેજમેન્ટ અથવા BBA અથવા સમકક્ષ ગ્રેજયુએટ/ ડિપ્લોમાં સાથે ૧૦+૨

■ એકાઉન્ટન્ટની પોસ્ટ માટે : ફરજીયાત વિષય તરીકે ગણિત સાથે ૧૦+૨ અથવા વૈકલ્પિક રીતો વાણિજય અથવા એકાઉન્ટન્ટની પૃષ્ઠભૂમિ સાથે

■ પૂર્ણ સમય કામ કરવું.
■ અનુભવી અને સ્થાનિક ઉમેદવારોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. (આકર્ષક પગાર)
■ કૃપા કરી આ જાહેરાતથી તા. ૨૧/૦૯/૨૦૨૩ સુધીમાં નીચેના ઇમેઇલ ID તથા કોન્ટેક નંબરમાં CV/રીઝયુમ મોકલાવવું.

નોંધ : સર્વે ઉમેદવારોએ તા. ૨૩/૦૯/૨૦૨૩ ને શનિવાર સવારના ૧૦:૦૦ વાગ્યે પોતાના CV/રીઝયુમ તથા બધા લાયકાતના ડોકયુમેન્ટ લઇને લીલીયા APMC (માર્કેટીંગ યાર્ડ) સનાળીયા રોડ, લીલીયા મુકામે ઇન્ટરવ્યુ માટે સમયસર અચૂક હાજર રહેવું.

:EMAIL ID:
IFFDCAMRELI@GMAIL.COM, FPOLILIYA@GMAIL.COM
કોન્ટેક નંબર : ૮૦૦૦૦૧૫૩૧૫, ૯૪૨૬૭ ૧૫૦૫૬, ૯૪૧૪૩ ૯૬૭૦૧

જુનાગઢ ખાતે કોળી સમાજ દ્વારા વિશાળ પરિચય યોજાશે

અમરેલી, તા.૧૪

જુનાગઢ ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ, અમરેલી દ્વારા બીજો તળપદા કોળી સમાજનાં મેળાનાં આયોજનમાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા તળપદા કોળી સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોઉત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભમાં ભાગ લઈ શકશે.

તા.૨૪/૯/૨૦૨૩ને રવિવારનાં રોજ સ્થળઃ સમસ્ત તળપદા કોળી સમાજ વાડી, ભવનાથ તળેટી, જુનાગઢ ખાતે યોજાશે.

ફોર્મ અને માહિતી તા.૨૦/૯/૨૦૨૩ સુધી નીચેનાં સરનામ મળશે. શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરીરામ' હોલસેલ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલા માળ, અમરેલી મો.૯૪૦૯૩ ૧૩૬૪૪, પરશોતમભાઈ એન.મકવાણા મો.૯૪૨૮૭ ૯૮૬૪૭ રમેશભાઈ આર.ડાભી, મો.૯૧૦૪૪ ૧૯૬૪૧

પોણી કલાક સુધી જમાવટ કરી

સાવરકુંડલામાં બપોર બાદ વરસાદી ઝાંપટુ વરસાદ પડતા ઠંડક પ્રસરી

વધુ વરસાદ પડે તેવી પ્રાર્થના શરૂ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં આજરોજ બપોરે સાડા ચાર આસપાસ વરસાદી ઝાપટું વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી. પોણી કલાક સુધી ઝરમર વરસાદ વરસ્યો.

સાવરકુંડલા શહેરમાં આજરોજ સાંજે સાડા ચાર આસપાસ વરસાદનું ઝાપટું વરસતાં રસ્તા ભીના થતાં જોવા મળ્યાં આમ તો આજે અમાવસ્યા અને એમાં પણ શ્રાવણ માસ એટલે ભગવાન ભોળાનાથે કૃપા કરીને મેઘરાજાને વરસવાનો આદેશ આપ્યો હોય તેમ ધીમી ધારે ઝરમરઝરમર વરસવાનો પ્રારંભ થયો. લગભગ પોણી કલાક વરસ્યો. છેલ્લા ઘણા સમયથી ગરમીનો પારો ઊંચે ચડતાં લોકો પણ ગરમીથી અકળાઈ ઉઠયા હતા. આજરોજ સવારથી જ આકાશમાં વાદળો છવાયેલા જોવા મળેલ. પરંતુ બપોર બાદ વાતાવરણમાં વરસાદ સાથે ઠંડક પ્રસરી જવા પામી હતી. આમ તો ઘણાં સમયથી એક સારા વરસાદની જરૂરિયાત હોય જો વધુ સમય સુધી વરસે સુકાતી મોલાતને થોડી રાહત થાય. ખેડૂતોને પણ મુશ્કેલીમાં રાહત થાય એકંદરે સારો વરસાદ થાય તો ખેત મજુરી કરતાં શ્રમજીવી લોકોમાં રાહતની લાગણી અનુભવાય.હાલ વાતાવરણ વાદળોથી ઘેરાયેલું જોવા મળે છે.

એસ.પી.ની સુચનાથી એલસીબીની કામગીરી

અમરેલીમાં ઘરફોડ ચોરીઓનાં બે ગુન્હામાં ફરાર મહિલા આરોપી ઝડપાયા

રૂપિયા ૧.૮ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી તા.૧૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દા માલ રીકવર કરી, મુળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસના ગુનાઓના મહિલા આરોપી મનિષાબેન મુકેશભાઈ વાઘેલા, મૂળ (મહુવા), હાલ રહે. લાઠી રોડ, ગુરૂદત્ત પેટ્રોલ પંપ પાસે, ફુટપાથ ઉપર, છેલ્લા ત્રણ માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ચોરીના મુદ્દા માલ સાથે નાસતા ફરતા હોય, મહિલા આરોપીનું કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ ઈસ્યુ થયેલ હોય, મજકુર લીસ્ટેડ મહિલા આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે તા.૧૩ નાં રોજ પકડી પાડી,ચોરીમાં ગયેલ સોનાના દાગીનામાંથી બનાવેલ સોનાના બે સોનાનાઢાળીયા, વજન ૨૫.૧૦ ગ્રામ કુલ કિમત રૂપિયા ૧,૮૩,૨૦૦નો મુદ્દામાલ રીકવર કરી, પકડાયેલ મહિલા આરોપી તથા મુદ્દામાલ આગળ ની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની રજૂઆત બાદ

આનંદો : અમરેલી સિવિલ હોસ્પિટલમાંથી પસાર થતાં માર્ગ માટે રૂપિયા ૧.૨૫ કરોડ મંજુર

ઘણા મહિનાઓથી માર્ગ બિસ્માર બનતાં પરેશાની વધી હતી

અમરેલી, તા. ૧૪

અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં સમાવેશ પામતા અમરેલી શહેરનાં હાર્દસમા વિસ્તારમાં આવેલ જનરલ હોસ્પિટલ કેમ્પમાંથી પસાર થતાં લોકો માટેનાં મુખ્ય માર્ગસમા રસ્તાની બિસ્માર હાલત હોવાથી તેનાં નવીનીકરણની ખાસ જરૂરિયાત હતી.

શહેર અને જિલ્લાની મુખ્ય સરકારી હોસ્પિટલ હોવાના નાતે અહીં આરોગ્ય સેવાનો લાભ લેવા રોજ સેંકડો દર્દીઓની આવન જાવન રહેતી હોય છે. ઘણા લાંબા સમયથી આ રસ્તાની હાલત બિસ્માર હોવાથી એનું નવીનીકરણ કરવાની લોક માંગ ઉઠી હતી. જેથી અમરેલી વિસ્તારનાં યુવાન ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ સરકારમાં તાકીદે આ રસ્તાનું નવીનીકરણ કરવા ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અનુસંધાને સરકાર દ્વારા લોકો માટેનાં આ જાહેર રસ્તાનાં નવીનીકરણ માટે રૂપિયા ૧ કરોડ ૨૫ લાખ જેવી રકમ મંજૂર કરતા ટૂંક જ સમયમાં સરકારનાં આરોગ્ય વિભાગ હસ્તક પી.આઈ.યુ. દ્વારા આ રસ્તાનાં નવીનીકરણનું કામ હાથ ધરાશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

ચલાલા નજીક આવેલ

દહિડા ગામે સરપંચની ચૂંટણીનાં મનદુઃખે આર્મીમેને ખેડૂત ઉપર કાર ચડાવી દીધી

આ બનાવ અંગે સામસામી નોંધાઈ પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૧૪

ધારી તાલુકાનાં ચલાલા ગામે રહેતા અને આર્મીમાં ફરજ બજાવતા મહિપતભાઈ દેવાયતભાઈ ઘુસાંબા નામનાં આર્મીમેન હાલ રજા ઉપર હોય અને દહિડા ગામે આવેલ હોય. ત્યારે અગાઉ આ મહિપતભાઈનાં પિતા તથા ઘરના સભ્યો ઘણા જ વર્ષોથી દહિડા ગ્રામ પંચાયતનાં સરપંચ તરીકે ચૂંટાઈ આવતા હોય અને આ વખતે દહિડા ગામે રહેતા અને ખેતીકામ કરતાં દિલીપભાઈ વિક્રમભાઈ વાળા નામના યુવકનાં કૌટુંબિક ભાઈ અશોકભાઈ હરસુરભાઈ વાળાનાં પત્ની સરપંચ તરીકે ચૂંટાઈ આવેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આમીમેને પોતાના હવાલાવાળી કાર નં. જી.જે.-૧૪ બીએ ૬૫૨૪ આ ખેડૂત યુવકને મારી નાખવાના ઈરાદે તેમની ઉપર ચડાવી દઈ અને ઘસડી ફંગોળાવી દઈ, ગાળો આપી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો આજ બનાવમાં સામા

અનુસંધાન પાના ૬ ઉપર

જાહેર જનતાની સતત અવર-જવરથી ટ્રાફિક રહેતો હોય

અમરેલીનાં મહિલા વિકાસ ગૃહ નજીક સબ પ્લોટીંગ બનાવીને વેચાણ કરવાની તૈયારી સામે નારાજગી

જો નિયમ મુજબ બાંધકામ ન થાય તો કાયદેસરની કાર્યવાહી કરાશે

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં મહિલા વિકાસ ગૃહ કેરિયા માર્ગ પર હનુમાન મંદિર વાળી ગલી નાં રહેવાસીઓએ એક જાહેર નોટિસમાં જણાવેલ છે. કે

સૂચિત સબ પ્લોટીંગ પ્લોટ/જમીન ખરીદનારા લોકોને જણાવીએ છીએ કે આ શેરીમાં આવેલ પડતર મોટા મકાન સાથે ખુલ્લી જગ્યાની મીલકત આવેલ છે. અમારા ધ્યાનમાં તેમજ જાણવામાં આવેલ છે. અમુક જમીન દલાલો કે બિલ્ડરો આ જમીનમાં નાના-નાના સબપ્લોટીંગ કરી રહેણાંક કે બીન રહેણાંક તરીકે પ્લોટીંગ કરી વેચવાની પેરવી કરી રહયાં છે. તેમજ બુકીંગ કરી રહયા છે. આ શેરી આશરે ૨૦ ફુટ પહોંળાઈની છે. આ શેરીમાં વર્ષો જુના રહેણાંક મકાનો તેમજ સંસ્થાઓ આવેલ છે. આ વિસ્તાર એસ.ટી. ડેપો તેમજ હોસ્પિટલો વગેરેથી નજીક હોય, લોકોની, જાહેર જનતાની સતત અવર-જવર, ટ્રાફીકથી ધમધમતો વિસ્તાર છે. તેથી આ સૂચિત સબ પ્લોટીંગ કરનારા તેમજ સૂચિત ખરીદનારા લોકોને નમ્ર અરજ સહ જાહેર સુચના/ચેતવણી આપવામાં આવે છે કે અહિં આ જગ્યાએ કોઈપણ બાંધકામ (રહેણાંક હેતુ કે બિન રહેણાંક હેતુ) કે અન્ય કામગીરી કરતાં પહેલાં જરૂરી સરકારના મહેસુલ વિભાગ, નગર નિયોજન કચેરી, અમરેલી નગરપાલિકા કે 'રેરા' જેવાં વિભાગોની પુરતી મંજુરીઓ મેળવી નિયમાનુસાર બાંધકામ કે અન્ય કામગીરી પુરતા પાર્કિંગ, માર્જીન સોથ મંજુર થયેલ બાંધકામ રજાચિટ્ઠી, પ્લાન મુજબ કરવાનું રહેશે અન્યથા અમોને કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

ઉપરોકત બાબતોને ધ્યાને રાખી સબપ્લોટીંગ કે જગ્યા ખરીદ કે વેચાણ કરવા આથી જાહેર સૂચના/ચેતવણી આપવામાં આવે છે.

વિશેષ ખરીદનારા લોકોને ખાસ જણાવવાનું કે, ખરીદી કર્યા પહેલા ચોકસાઈ કરી લેવી, પછીથી કોઈને અંગત રીતે શરમાવશો નહી.

કેતનગીરી ગોસ્વામી નામનાં

સાવરકુંડલા પીજીવીસીએલનાં કર્મીને કામ ઓછું કેમ આપે છે તેમ કહી માર માર્યો

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલામાં રહેતા અને પીજીવીસીએલમાં ઈલેકટ્રીક આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં કેતનગીરી બળવંતગીરી ગૌસ્વામી નામનાં કર્મીને પીજીવીસીએલમાં જ મીટર કામ તથા લાઈન કામનો કોન્ટ્રાકટ સાવરકુંડલા ગામે રહેતા સલીમભાઈ કાસમભાઈ અજમેરી સહિતનાને મળ્યો હોય. જેથી આરોપી સલીમભાઈ અજમેરી સહિત ૩ લોકોએ આ વીજ કર્મીને કહેલ કે અમોને કામ કેમ ઓછું આપો છો તેમ કહી વીજકર્મીને કામ નહી કરવા દઈ ગાળો આપી હુમલો કરી ઢીકાપાટુનો માર મારી ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

ખાંભા નજીક આવેલ

નવા માલકનેશ ગામે સામાન્ય બાબતે યુવતીને માથામાં લાકડી ઝીંકી

૪ મહિલાઓ સહિત ૫ સામે પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાનાં નવા માલકનેશ ગામે રહેતા કોમલબેન ધીરૂભાઈ મકવાણા નામની ૨૨ વર્ષિય યુવતી તથા સામાવાળાઅસ્મિતાબેન વલ્લભભાઈ મકવાણા સગા થતાં હોય અને બન્ને પરિવારનું લાઈટ કનેકશન ભેગું હોય. યુવતી પાણીની મોટર શરૂ કરવા ગયેલ ત્યારે સામેવાળા આરોપીઓની લાઈટનાં કનેકશનનો આંકડીયો હલી જતાં તે વાતનું મનદુઃખ રાખી આરોપી વલ્લભભાઈ ચોથાભાઈ મકવાણા તથા ૪ મહિલાઓએ સંપ કરી યુવતીને લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

અમરેલી તાલુકા સંઘનાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરિફ વરણી

અમરેલી, તા. ૧૪

શ્રી અમરેલી જિલ્લામાં સહકારી ક્ષેત્રમાં આગવું અને મહત્વનું સ્થાન ધરાવતી સંસ્થા અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલીની પ્રમુખ, દેસાઈના પ્રમુખ સ્થાને પ્રમુખ/ઉપપ્રમુખની ચુંટણી યોજાયેલ જેમાં પ્રમુખ તરીકે જયેશભાઈ મોહનભાઈ નાકરાણી તથા ઉપપ્રમુખ તરીકે દલસુખભાઈ કાનજીભાઈ દુધાતની બીનહરીફ વરણી કરવામાં આવેલ છે.

જયેશભાઈ નાકરાણીના નેતૃત્વ નીચે સંસ્થાનો વધુ વિકાસ થયેલ છે અને સંસ્થા વધુમાં વધુ પ્રગતિ કરે તેવા આશય સાથે સને.૨૦૨૨/૨૩ ના વર્ષમાં રૂા. ૯.૫૦ લાખ જેવો માતબર નફો કરીને છેલ્લા ઘણાં વર્ષોથી ૧૫ ટકા ડીવીડન્ડ પણ સભ્ય મંડળીઓને આપવામાં આવે છે. પ્રમુખ તરીકે જયેશભાઈ નાકરાણી તથા ઉપપ્રમુખ તરીકે દલસુખભાઈ દુધાત ઉપર સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટરોએ વિશ્વાસ મુકી ફરી વખત તેઓને બિનહરીફ ચુંટીને અમરેલી તાલુકા સંઘની જવાબદારી સોંપેલ છે. તેમ તાલુકા સંઘનાં એમ.ડી.વિઠલભાઈ તારપરાની યાદી જણાવે છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

બિનજરૂરી વસ્તુ ખરીદનારને
સમય આવ્યે, જરૂરી વસ્તુઓ
વેચવાનો વારો આવે છે.

લાઇવ ૨૨ કૅરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

ચલાલા નજીક આવેલ

ગોપાલગ્રામની સીમમાં માનસિક બીમારીથી કંટાળી મહિલાએ ઝેરી દવા પી લેતા મોત

સીમવાડીમાં મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા

અમરેલી, તા. ૧૪

મુળ દાહોદનાં વતની અને હાલ ગોપાલગ્રામની સીમમાં ગોરધનભાઈ સરધારાની વાડીમાં રહેતા ગીતાબેન મગનભાઈ મચાર નામનાં ૪૧ વર્ષિય મહિલા છેલ્લા બે વર્ષથી માનસિક રીતે બીમાર હોય. જેથી તા. ૧૨નાં રોજ સાંજે ૬ વાગ્યાનાં સમયે વાડીએ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા આ ગીતાબેનનું મોત નિપજયું હતું.

ભીમનાથ મંદિર નજીકની ઘટના

ચલાલામાં બીમારીથી કંટાળીને મહિલાએ ઝેરી પાઉડર પી લીધો

પાંચેક વર્ષથી બીમારી વળગી હતી

અમરેલી, તા. ૧૪, ચલાલા ગામે ભીમનાથ મહાદેવ મંદિરની બાજુમાં રહેતા સુમિતાબેન ચેતનભાઈ મુંગળા નામનાં ૪૧ વર્ષિય મહિલાને છેલ્લા પાંચેક વર્ષથી શરીરે દુઃખાવો રહેતો હોય. આ બીમારીથી કંટાળી જઈ તા. ૧૩ નાં રોજ પોતાની મેળે ઘઉંમાં મુકવાનો ઝેરી દવાનો પાઉડર પી લેતા તેણીનું મોત નિપજયાનું જાહેર થવા પામેલ છે.

અસહ્ય ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી

રાજુલા-ખાંભા તથા સાવરકુંડલા પંથકમાં હળવા ઝાપટાથી લઈ દોઢ ઈંચ વરસાદ

આગામી દિવસોમાં વધુ વરસાદ પડવાની શકયતા

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાનાં રાજુલા પંથકમાં ગઈકાલે સાંજનાં સમયે અધડો ઈંચ વરસાદ વરસી ગયા બાદ આજે પણ આ રાજુલા પંથકમાં મેઘરાજા વરસી પડયા હતા અને ૩૬ મી.મી. વરસાદ વરસી જતાં રાજુલાનાં નિચાણવાળા વિસ્તરમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

આ ઉપરાંત રાજુલાનાં ગ્રામીણ વિસ્તારમાં પણ આજે સતત બીજા દિવસે વરસાદ પડતા કોટડીની સ્થાનિક નદીમાં પુર આવ્યું હતું. આમ

અનુસંધાન પાના ૬ ઉપર

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્રચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
આયુષ્યમાન કાર્ડ અંતર્ગત બધાજ પ્રકારની સર્જરી રેગ્યુલર કાર્યરત છે
યુરોલોજી ગાયનેક બાળરોગ ઓર્થોપેડીક આંખના ઓપરેશન
કાન-નાક-ગળાની સર્જરી જનરલ સર્જરી
આ દરેક વિભાગમાં આયુષ્યમાન કાર્ડ દ્વારા તદ્દન મફતમાં સારવાર ઉપલબ્ધ છે
સંપર્ક નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી. ૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)